


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 043
Dt.: 21-10-2025,
Tuesday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# દિવાળી પર ટ્રમ્પે આપી ભારતને ધમકીઃ ભારતે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું બંધ નહીં કર્યું તો વધુ ટેરિફ લગાવીશું

## તેમણે દલીલ કરી હતી કે આવી ખરીદીઓ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન યુદ્ધોને નાણાં પૂરા પાડવામાં મદદ કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને ચેતવણી આપી છે કે જો તે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ નહીં કરે તો તેને ભારે ટેરિફનો સામનો કરવો પડશે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે તેમણે આ મુદ્દે પીએમ મોદી સાથે વાત કરી હતી, જોકે વિદેશ વિભાગે ટ્રમ્પના દાવાને ફગાવી દીધો છે. ટ્રમ્પ કહે છે કે રશિયા પાસેથી તેલ ખરીદીને ભારત પરોક્ષ રીતે યુક્રેન યુદ્ધમાં મદદ કરી રહ્યું છે.

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારત પર ટેરિફ વધારવાની ધમકી આપી છે. તેમણે એવો દાવો પણ કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને ખાતરી આપી છે કે તેઓ રશિયન તેલ ખરીદવાનું બંધ કરશે. જોકે, ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને પીએમ મોદી વચ્ચેની વાતચીત વિશે તેમની પાસે કોઈ માહિતી નથી. પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું, "પીએમ મોદીએ મને કહ્યું હતું કે તેઓ રશિયન તેલનું કામ નહીં કરે. પરંતુ જો તેઓ કરશે, તો તેઓ ખૂબ ભારે ટેરિફ ચૂકવશે." બુધવારે, ટ્રમ્પે ઓવલ ઓફિસમાંથી દાવો પણ કર્યો હતો કે, પીએમ મોદીએ તેમને ખાતરી આપી હતી કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે. બુધવારે, ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા "ખુશ નથી" કે ભારત રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદી રહ્યું છે. તેમણે દલીલ કરી હતી કે આવી ખરીદીઓ રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને યુદ્ધને નાણાં પૂરા પાડવામાં મદદ કરે છે. એક પ્રશ્નના જવાબમાં, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું, "મોદી મારા મિત્ર છે, અમારા સંબંધો ખૂબ સારા છે. અમે ખુશ નહોતા કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા હતા. કારણ કે તેનાથી રશિયાને આ અર્થહીન યુદ્ધ ચાલુ રાખવાની મંજૂરી મળી. તેઓએ આ યુદ્ધમાં લાખો લોકો ગુમાવ્યા." તેમણે ઉમેર્યું, "હું ખુશ નહોતો કે ભારત તેલ ખરીદી રહ્યું હતું, અને તેમણે મને ખાતરી આપી છે કે તેઓ રશિયા પાસેથી તેલ ખરીદશે નહીં. આ એક મોટું પગલું છે. હવે આપણે ચીનને પણ એવું જ કરવા માટે મજબૂર કરવું પડશે." ટ્રમ્પે કહ્યું, "તેમણે મને ખાતરી આપી છે કે રશિયા પાસેથી કોઈ તેલ ખરીદવામાં આવશે નહીં. મને ખબર નથી, કદાચ આ મોટા સમાચાર છે. શું હું એમ કહી શકું?... તે રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યા નથી. તે પહેલેથી જ શરૂ થઈ ગયું છે." તે તરત જ તે કરી શકતા નથી પરંતુ પ્રક્રિયા ટૂંક સમયમાં પૂર્ણ થશે. ગુરુવારે અહીં સાપ્તાહિક બ્રીફિંગમાં રશિયા પાસેથી ભારત દ્વારા તેલ ખરીદવા અંગે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદન અંગેના પ્રશ્નના જવાબમાં, વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ગઈકાલે બંને નેતાઓ વચ્ચે કોઈ વાતચીત થઈ નથી. તેમણે કહ્યું, "મને ગઈકાલે બંને નેતાઓ વચ્ચે કોઈ વાતચીતની જાણ નથી." તેમણે કહ્યું કે રશિયા પાસેથી તેલ ખરીદવાના મુદ્દા



પર ભારતનું વલણ પહેલાથી જ એક નિવેદન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ભારત તેના ગ્રાહકોના હિત સાથે કોઈ સમાધાન કરશે નહીં.

### ૧૦ બેઠક પણ નહીં જીતી શકે...

# સીટ વહેંચણી મુદ્દે કોંગ્રેસમાં અસંતોષ, દિગ્ગજની ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલાં મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીના વિવાદ વચ્ચે હવે કોંગ્રેસની અંદર પણ ટિકિટ વહેંચણીને લઈને તણાવ ખુલીને બહાર આવી રહ્યો છે.

પક્ષના ઘણા વરિષ્ઠ નેતાઓએ જાહેરમાં કોંગ્રેસના પ્રદેશ પ્રભારી ક્રિષ્ના અલ્લવરુ અને પ્રદેશ અધ્યક્ષ રાજેશ રામ પર પૈસાના બદલે ટિકિટ આપવાનો ગંભીર આરોપ લગાવ્યો છે. કોંગ્રેસના રિસર્ચ સેલના અધ્યક્ષ અને પ્રવક્તા રહી ચૂકેલા આનંદ માધવને તો ત્યાં સુધી કહ્યું કે, બિહારની ચૂંટણીમાં કોંગ્રેસ ડબલ ડિજિટ (૧૦ બેઠકો) સુધી પણ નહીં પહોંચી શકે. ટિકિટથી વંચિત રહેલા નેતાઓએ એક પત્રકાર પરિષદ યોજીને કહ્યું કે, કોંગ્રેસમાં જે કંઈ થઈ રહ્યું છે, તેનું પરિણામ પાર્ટીએ જ ભોગવવું પડશે. કોંગ્રેસના પ્રવક્તા આનંદ માધવને તેમના રિસર્ચ સેલના પદ પરથી તાત્કાલિક રાજીનામું આપી દીધું. તેમની સાથે પૂર્વ ધારાસભ્ય ગજાનંદ શાહી, છત્રપતિ યાદવ, નાગેન્દ્ર પ્રસાદ, રંજન સિંહ, બચ્ચુ પ્રસાદ, રાજકુમાર રાજન અને બંટી ચૌધરી સહિત અન્ય નેતાઓ પણ હાજર હતા. નોંધનીય છે કે, ખગડિયાના વર્તમાન ધારાસભ્ય છત્રપતિ યાદવને આ વખતે ટિકિટ આપવામાં નથી આવી. તેની બદલે એઆઈસીસી સચિવ ચંદન યાદવ ચૂંટણી લડશે, જે ૨૦૨૦માં જેડીયુના ઉમેદવાર સામે હારી ગયા હતા. નારાજ નેતાઓએ આક્ષેપ કર્યો કે રાજેશ રામ, કૃષ્ણ અલ્લવરુ અને શકીલ અહેમદ ખાન મળીને દલાલી કરી રહ્યા છે અને રાહુલ ગાંધી તેમજ પાર્ટીને નુકસાન પહોંચાડી રહ્યા છે.કોંગ્રેસના આ આંતરિક સંઘર્ષ ઉપરાંત, મહાગઠબંધન (**RJD**, કોંગ્રેસ, વામપંથી દળો, **VIP**)માં પણ બેઠક વહેંચણીનો મામલો જટિલ બન્યો છે. પ્રથમ તબક્કાના મતદાન માટની ઉમેદવારી પૂરી થઈ ગઈ હોવા છતાં, ગઠબંધનની અંતિમ ફોર્મ્યુલા જાહેર નથી કરાઈ. પરિણામે, ઘણા ઘટક દળોએ સ્વતંત્ર રીતે ઉમેદવારી ફોર્મ ભર્યા છે, જેનાથી અનેક બેઠકો પર ફ્રેન્ડલી ફાઈટ (એકબીજા સામે જ ચૂંટણી લડવાની)ની સ્થિતિ સર્જાઈ છે. આનાથી વિપક્ષના વોટ વહેંચાઈ જવાનો ભય છે, જે ભાજપની આગેવાનીવાળા એનડીએને ફાયદો કરાવી શકે છે. વધુમાં, ઝારખંડ મુક્તિ મોરચા (**JMM**) એ પણ મહાગઠબંધનથી અલગ થઈને બિહારમાં સ્વતંત્ર રીતે ૬ બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. **JMM**ના પ્રવક્તા સુપ્રિયો ભટ્ટાચાર્યએ **RJD** નેતૃત્વ પર સીટ વહેંચણીમાં વારંવાર ઉપેક્ષા કરવાનો અને તેમના આત્મસન્માન સાથે સમાધાન ન કરવાનો આક્ષેપ કર્યો છે. મુખ્યમંત્રી પદના ઉમેદવાર પર પણ સર્વસંમતિ ન થવાને કારણે ગઠબંધનની સ્થિતિ વધુ જટિલ બની છે. જોકે, મહાગઠબંધનના નેતાઓને વિશ્વાસ છે કે, ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ સુધીમાં આ મામલે કોઈ નિર્ણય લેવાઈ જશે અને સમાધાન થઈ જશે.

# દિલ્હીનો AQI ૪૦૦ પાર થતાં શ્વાસ લેવો પણ મુશ્કેલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં દિવાળીની ઉજવણી પૂર્વે જ રાજધાની દિલ્હીમાં પ્રદૂષણનો કેર શરૂ થઇ ગયો છે. રવિવારે દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ એક્યૂઆઇ ૪૦૦ને પાર પહોંચી ગયું હતું. જે ખરાબ સ્થિતિની કેટેગરી માનવામાં આવે છે. દરરોજ એક્યૂઆઇ વધી રહ્યું છે.

દર વર્ષની જેમ આ વખતે પણ દિવાળી બાદ દિલ્હીનું પ્રદૂષણ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરશે. જ્યારે પંજાબમાં પરાળી સળગાવવાની ૨૪૧ ઘટના સામે આવી છે. પ્રદૂષણ વધતા જ દિલ્હીમાં સ્ટેજ-૨ હેઠળ ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનના તમામ નિયમો તાત્કાલીક અસરથી લાગુ કરી દેવામાં આવ્યા છે.

બીજા સ્ટેજમાં રોડ પર વાહનોની સંખ્યા ઘટાડવી, નિર્માણ કાર્યો અટકાવવા, ધુળ અને ધુમાડાને ઘટાડવા પ્રયાસ કરવો વગેરે ઉપાયો સામેલ છે. આ સાથે જ વૃદ્ધો બાળકો અને શ્વાસની બીમારી હોય તેમને બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવે છે. નાગરિકોને માસ્ક પહેરવાની સલાહ પણ આપવામાં આવી છે. શૂન્યથી ૫૦ વચ્ચેનો એર ક્વોલિટી ઈન્ડેક્સ સારો માનવામાં આવે છે.

### ચુકાદાના અમલમાં વર્ષો લાગે, તો તેનો કોઈ અર્થ નથી, તે ન્યાયની મજાક

# દેશભરમાં ૮.૮૨ લાખ ચુકાદાનો અમલ ન થવા અંગે સુપ્રીમનું સખત વલણ

### છેલ્લાં છ મહિનામાં આશરે ૩.૩૮ લાખ અમલીકરણ અરજીઓનો નિર્ણય કરાઈને તેનો નિકાલ કરાયો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરની અદાલતોએ દિવાની વિવાદોમાં આપેલા આશરે ૮.૮૨ લાખ ચુકાદાઓનો અમલ ન થવા પર ગંભીર ચિંતા વ્યક્ત કરી સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે આ સ્થિતિ અત્યંત નિરાશાજનક અને ચિંતાજનક છે. જો કોર્ટના હુકમનામાનો અમલ કરવામાં વર્ષો લાગશે, તો તેનો કોઈ અર્થ નથી અને તે ન્યાયની મજાક હશે.જસ્ટિસ જે બી પારડીવાલા અને જસ્ટિસ પંકજ મિથલની ખંડપીઠે ૬ માર્ચના આદેશના પાલનની સમીક્ષા કરતી વખતે આ ટિપ્પણી કરી હતી, જેમાં તમામ હાઈકોર્ટને તેમના અધિકારક્ષેત્રમાં આવતી સિવિલ કોર્ટને છ મહિનાની અંદર અમલીકરણ અરજીઓનો



નિર્ણય લેવા સૂચના આપવાનો આદેશ અપાયો હતો. દીવાની વિવાદો જીતી ગયેલા હુકમનામા ધારકોએ દાખલ કરેલી અરજીને અમલીકરણ પિટિશન કહેવામાં આવે છે, જેમાં ચુકાદાના અમલની માગણી થતી હોય છે. ખંડપીઠે જણાવ્યું હતું કે અમને મળેલા આંકડા ખૂબ જ નિરાશાજનક છે. દેશભરમાં પેન્ડિંગ અમલીકરણ અરજીઓના આંકડા ચિંતાજનક છે. આજની તારીખે દેશભરમાં ૮,૮૨,૫૭૮ આવી અરજીઓ પેન્ડિંગ છે. છેલ્લાં છ મહિનામાં આશરે ૩.૩૮ લાખ અમલીકરણ અરજીઓનો નિર્ણય કરાઈને તેનો નિકાલ કરાયો છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું તે ફરી એકવાર તમામ ઉચ્ચ અદાલતોને અનુરોધ કરી રહી છે કે તેઓ કેટલીક પ્રક્રિયા વિકસિત કરે અને તેમના સંબંધિત જિલ્લા ન્યાયતંત્રને માર્ગદર્શન આપે, જેથી આજની તારીખે પેન્ડિંગ અરજીઓનો અસરકારક અને ઝડપી નિકાલ થાય. આ સંદર્ભમાં જરૂરી ડેટા ન આપવા ન બદલ કર્ણાટક હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ પાસેથી સર્વોચ્ચ અદાલતે બે સપ્તાહમાં ખુલાસો માંગ્યો હતો.

### વડાપ્રધાને દિવાળી પર લોકોને કરી ખાસ અપીલ

# વડાપ્રધાન મોદીની નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદવા અપીલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રવિવારે નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદીને અને ૧.૪ અબજ ભારતીયોની મહેનતની ઉજવણી કરીને તહેવારની ઉજવણી કરવા અપીલ કરી. **PM** મોદીએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યું, “ચાલો આપણે ૧.૪ અબજ ભારતીયોની મહેનત, સર્જનાત્મકતા અને નવીનતાની ઉજવણી કરીને આ તહેવારની મોસમની ઉજવણી કરીએ.” **PM** મોદીએ કહ્યું, “ચાલો આપણે ભારતીય ઉત્પાદનો ખરીદીએ અને ગર્વથી કહીએ – ‘ગર્વથી કહો, આ સ્વદેશી છે.”’



તેમણે નાગરિકોને તહેવારોની મોસમ દરમિયાન તેમની ખરીદી સોશિયલ મીડિયા પર શેર કરવા પણ વિનંતી કરી. **PM** મોદીએ કહ્યું, “તમે જે કંઈ ખરીદ્યું છે તે સોશિયલ મીડિયા પર શેર કરો. આ રીતે, તમે અન્ય લોકોને પણ આવું કરવા માટે પ્રેરણા આપશો.”

પીએમ મોદીએ માય ગવર્નમેન્ટ ઈન્ડિયા તરફથી એક પોસ્ટ શેર કરી, જેમાં લોકોને સ્વદેશી વસ્તુઓ ખરીદવા માટે વિનંતી કરવામાં આવી. આ એકાઉન્ટ નાગરિકોને સરકાર સાથે જોડે છે અને સરકારી નીતિઓને જનતા સુધી વધુ સારી રીતે પહોંચાડે છે. માય ગવર્નમેન્ટ ઈન્ડિયા પોસ્ટમાં જણાવાયું છે કે, “આપણે બધા સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છીએ.

આ દિવાળીએ, ફક્ત સ્વદેશી વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ લો અને તમારા સ્થાનિક કારીગરોને ટેકો આપો.” પીએમ મોદી રાષ્ટ્રને “લોકલ માટે વોકલ” કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે. તમારી સ્વદેશી ખરીદી અથવા તેના ઉત્પાદક સાથે તમારી સેલ્ફી શેર કરો. દેશભરના હસ્તકલા કલાકારો અને સ્થાનિક દુકાનદારો પીએમ મોદીની અપીલથી ખુશ છે. માટીના દીવા બનાવનારાઓએ કહ્યું કે વડા પ્રધાનના શબ્દોએ તેમને નવી આશા આપી છે. હવે, ગ્રાહકો પણ પૂછે છે, “શું આ ભારતમાં બનેલું છે?” પીએમ મોદીની પોસ્ટ પછી, **#SwadeshiSelfie** અને **#VocalForLocal** જેવા હેશટેગ ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ પર ટ્રેન્ડ કરી રહ્યા છે. લોકો સ્વદેશી ઉત્પાદનો, જેમ કે હાથથી બનાવેલા દીવા, કપડાં, મીઠાઈઓ અથવા સજાવટ સાથે સેલ્ફી પોસ્ટ કરી રહ્યા છે. ઘણી હસ્તીઓએ પણ આ ઝુંબેશમાં ભાગ લીધો છે.




## તંત્રી લેખ......

### હવે મજબૂત ઔષધ નિયમન કાયદો

વિજ્ઞાનના સરળ ઉપયોગ અને ઉપલબ્ધિએ જટિલ રાસાયણિક મિશ્રણ ધરાવતી દવાઓ અને સૌંદર્ય પ્રસાધનોનાં નકલી ઉત્પાદનને પણ સરળ બનાવ્યું છે. લોકોના આરોગ્ય માટે જોખમરૂપ આ નકલી ઉત્પાદનોને નાથવા માટે હાલના સરકારી તંત્રો અપૂરતા હોવાની ફરિયાદ સતત સામે આવતી રહી છે. જવાબદાર સરકારી તંત્રની અધૂરાશને લીધે લોકોના આરોગ્ય માટે જોખમરૂપ નકલી દવાઓ અને સૌંદર્ય પ્રસાધનોનાં વેચાણને નાથી શકાતું નથી. હવે સરકાર આવી દવાઓ અને સૌંદર્ય પ્રસાધનોની ગુણવત્તાની તપાસ અને દેખરેખ માટે નવો કાયદો લાવી રહી છે. એમ નથી કે, હાલે દેશમાં આવો કોઈ કાયદો અમલમાં નથી, પણ તેની નબળાઈ સતત સામે આવતી રહી છે. તાજેતરમાં અમુક રાજ્યોમાં કફ સિરપને લીધે ઘણા બાળકોનાં મોત થયાના અહેવાલો બાદ જાગેલી ચિંતાને જોતાં કેન્દ્ર સરકારે નવા કાયદાનો મુસદ્દો તૈયાર કર્યો છે. ઔષધિ, ચિકિત્સા સાધનો અને સૌંદર્ય પ્રસાધાન અધિનિયમ ૨૦૨૫નો મુસદો સંસદના આગામી સત્રમાં રજૂ કરવાની સરકારની તૈયારી છે. આ વખતે કફ સિરપનો મામલો એકાદ રાજ્ય પૂરતો મર્યાદિત ન હોવાને લીધે કેન્દ્ર સરકારે તેની ગંભીરતા સાથે નોંધ લીધી છે. નહિતર એવું બનતું આવ્યું છે કે, કોઈ કિસ્સો બને એટલી થોડી કડક કાર્યવાહી કરાય છે અને નીચલાં સ્તરના કર્મચારી કે અધિકારીનો ભોગ લેવાય છે. થોડા સમય માટે શંકાસ્પદ દવાઓ અને સૌંદર્ય પ્રસાધનોનાં ઉત્પાદનને અટકાવી દેવાયા છે. સમયની સાથે બનાવ વિસરાઈ જાય એટલે બધું પૂર્વવત થઈ જતું હોય છે. આમે પણ તાજેતરના સમયમાં વિશ્વ આરોગ્ય સંસ્થા અને તેની સાથોસાથ દુનિયાના ઘણા બધા આરોગ્ય નિયમનકારોએ ભારતીય દવાઓની ગુણવત્તા સામે ગંભીર સવાલ અને ચિંતા વ્યક્ત કરી છે. અમુક દેશોમાં આવી ગુણવત્તાની રીતે જોખમી દવાઓની સામે પ્રતિબંધો પણ લદાવા લાગ્યા છે. આવી જ હાલત સૌંદર્ય પ્રસાધનોના સંદર્ભમાં છે. તેમાં નુકસાનકારક રસાયણોના ઉપયોગથી શરીરને હાનિ પહોંચતી હોવાના કિસ્સા સામે આવતા રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે, નવા પ્રસ્તાવિક કાયદાથી નકલી દવાઓ અને જોખમી સૌંદર્ય પ્રસાધનોનાં દૂષણને કેટલા અંશે નાથી શકાય છે. બાકી કાયદાની સાથોસાથ તેના અમલીકરણ માટેના તંત્રની મજબૂતી એટલી જ અનિવાર્ય બની રહેશે. આવનારા સમયમાં વાસ્તવિક્તા સામે આવી જશે.

જ્યાં અંદરોઅંદર જ થશે ટક્કર!

# બિહારની કઈ ૧૩ બેઠકો ઉપર મહાગઠબંધનમાં મહાભારત?

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા,

બિહાર વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ માટે બે મુખ્ય પક્ષો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી રહી છે: NDA અને મહાગઠબંધન. NDAના તમામ ઘટક પક્ષોએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરીને નામાંકન પણ પૂર્ણ કરી લીધું છે. પરંતુ મહાગઠબંધનની બેઠકો પર બધું બરાબર નથી લાગી રહ્યું. અહીં કોંગ્રેસ અને RJD બંનેમાં ઘણી બેઠકો પર ઉમેદવારો આમને-સામને છે. જોકે, આને ફ્રેન્ડલી ફાઈટ માનવામાં આવી રહી છે, પરંતુ ૧૩ બેઠકોની ફ્રેન્ડલી ફાઈટ મહાગઠબંધનને ખોખલું કરી શકે છે. ચાલો આ ૧૩ બેઠકો વિશે જાણીએ.

૧. લાલગંજ - RJDએ અહીંથી પૂર્વ ધારાસભ્ય મુન્ના શુક્લાની દીકરી શિવાની શુક્લાને ટિકિટ આપી છે. શિવાની પહેલીવાર ચૂંટણી મેદાનમાં ઉતરી રહી છે, જ્યારે અહીંથી કોંગ્રેસના આદિત્ય કુમાર રાજા ચૂંટણી મેદાનમાં છે.

૨. વૈશાલી - RJDએ આ બેઠક પરથી અજય કુશવાહાને ટિકિટ આપી છે, જ્યારે કોંગ્રેસે પણ અહીંથી એન્જિનિયર સંજીવ સિંહને ટિકિટ આપી છે.

૩. રોસડા - આ બેઠક પર કોંગ્રેસે તમિલનાડુના પૂર્વ ડીજીપી બી.કે. રવિને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે. તેમની સામે શુક્રવારે CPIના ઉમેદવાર લક્ષ્મણ પાસવાને પણ પોતાનું ફોર્મ ભર્યું છે. જ્યારે આ બેઠક ૨૦૨૦થી કોંગ્રેસના ખાતામાં છે.

૪. રાજાપાકડ - કોંગ્રેસના વર્તમાન ધારાસભ્ય પ્રતિમા દાસ અહીંથી ઉમેદવાર છે અને પોતાનું નામાંકન ભરી ચૂક્યા છે. તેમના પછી CPIમાંથી મોહિત પાસવાને પણ શુક્રવારે અહીંથી નામાંકન દાખલ કર્યું છે.

૫. બિહાર શરીફ - અહીંથી કોંગ્રેસે ઓમેર ખાનને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે, જ્યારે ભાકપાના ઉમેદવાર શિવ પ્રકાશ યાદવ ઉર્ફે સરદાર જીએ પણ અહીંથી પોતાનું ફોર્મ ભર્યું છે. જ્યારે ૨૦૨૦માં યોજાયેલી સામાન્ય ચૂંટણીઓમાં આ બેઠક RJDના ખાતામાં ગઈ હતી.

૬. બછવાડા - આ બેઠક પરથી કોંગ્રેસના પ્રકાશ દાસ ચૂંટણી મેદાનમાં છે, જ્યારે CPIએ અવધેશ રાયને અહીંથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે.

૭. તારાપુર - RJDએ અરુણ કુમાર શાહને અહીંથી પોતાના ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે VIPના સકલદેવે પણ અહીંથી નામાંકન ભર્યું છે. જણાવી દઈએ કે આ એક હાઈ-પ્રોફાઈલ બેઠક છે, જ્યાંથી NDA પક્ષના BJP ઉમેદવાર અને ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી પણ મેદાનમાં છે.

૮. કહલગાંવ - કોંગ્રેસે કહલગાંવથી પ્રવીણ કુશવાહાને પોતાનું સિમ્બોલ આપ્યું છે, જ્યારે RJDના ઉમેદવાર રજનીશ યાદવ અહીંથી નામાંકન દાખલ કરી ચૂક્યા છે.

૯. ગૌરા બૌરામ - આ બેઠક પર RJDમાંથી અફઝલ અલી અને VIPમાંથી સંતોષ સહની આમને-સામને હશે. સંતોષ સહની મુકેશ સહનીના ભાઈ છે. તેથી, આ બેઠક પર મહામુકાબલો મહાગઠબંધનની અંદર જ જોવા મળી રહ્યો છે.

૧૦. ઝંઝારપુર - આ બેઠક પરથી CPIએ રામ નારાયણ યાદવને ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે આ બેઠક હવે VIP પાર્ટીના કોટામાં આવી ગઈ છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુલાબ યાદવ અથવા તેમની દીકરી બિંદુ અહીંથી ઉમેદવાર હોઈ શકે છે.

૧૧. વારસલીગંજ - વારસલીગંજથી કોંગ્રેસે મનટન સિંહને ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે RJDએ અનિતા દેવીને ઉમેદવાર જાહેર કરી દીધા છે.

૧૨. સિકંદરા- સિકંદરાથી RJDએ વિધાનસભાના પૂર્વ સ્પીકર ઉદય નારાયણ ચૌધરીને ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે કોંગ્રેસે આ જ બેઠક પરથી વિનોદ ચૌધરીને ઉમેદવાર બનાવ્યા છે. AIMIMએ પણ આ બેઠક પરથી પોતાનો ઉમેદવાર ઉતાર્યો છે.

૧૩. કુટુંબા - અહીંથી કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ રાજેશ રામ ઉમેદવાર છે, જ્યારે RJD પણ પોતાનો ઉમેદવાર ઉતારવાની તૈયારીમાં છે. RJDએ અહીંથી સુરેશ પાસવાનને ટિકિટ આપી છે. આ જ બેઠકને લઈને કોંગ્રેસ અધ્યક્ષે ટ્વીટ કરીને ઈક્લાબ લાવવાની વાત પણ કરી છે.

જોકે, આમાંથી ઘણી જગ્યાઓ પર ફ્રેન્ડલી ફાઈટ નિશ્ચિત માનવામાં આવી રહી છે, જ્યારે કેટલીક બેઠકો પર હજુ પણ વાતચીત ચાલી રહી છે. ગૌરા બોરામ બેઠક પર RJDએ પોતાનો ઉમેદવાર પાછો ખેંચવાની જાહેરાત કરી છે. કુટુંબા બેઠકને લઈને પણ વાતચીત ચાલી રહી છે.

## ઝાંસી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવા માંગે છે ઉમા ભારતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

ભાજપની વરિષ્ઠ નેતા અને મધ્યપ્રદેશની પૂર્વ મુખ્યમંત્રી ઉમા ભારતીએ ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

તેમણે રવિવારે ફરી એકવાર કહ્યું કે, જો પાર્ટી કહે તો હું ૨૦૨૯ની લોકસભા ચૂંટણી લડી લઈશ. આ દરમિયાન તેમણે યુપીની એક બેઠકનું પણ નામ લીધું છે, જ્યાંથી તેઓ ચૂંટણી લડવા માંગે છે.

અગાઉ પણ તેમણે કહ્યું હતું કે, હું હજુ રાજકારણથી દૂર નથી થઈ. ઉમા ભારતીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું કે, મેં લલિતપુરના આત્મીય મીડિયા મિત્રો સાથે કહ્યું છે કે જો પાર્ટી કહેશે તો હું ૨૦૨૯ની ચૂંટણી ચોક્કસ લડીશ, પરંતુ હું માત્ર ઝાંસી લોકસભા બેઠક પરથી જ ચૂંટણી લડીશ. તેઓએ આ પોસ્ટમાં ભાજપના કેન્દ્રીય અને મધ્યપ્રદેશના નેતૃત્વને પણ ટૅગ કર્યું છે. ઉમા ભારતીએ શનિવારે લલિતપુરમાં કહ્યુ હતું કે, હું માત્ર ઝાંસીમાંથી જ ચૂંટણી લડીશ. બુંદેલખંડ મારું ભાવનાત્મક ઘર છે અને ત્યાંની જનતા સાથે મારો ગાઢ સંબંધ છે. જો પાર્ટી કહેશે, તો હું જરૂર ચૂંટણી લડીશ.

ઉમા ભારતી ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ઝાંસીથી સાંસદ તરીકે ચૂંટાઈ આવ્યા હતા. તેમણે આ વર્ષે ઓગસ્ટમાં પણ કહ્યું હતું કે, તેઓ હજી રાજકારણથી દૂર નથી થયા અને યોગ્ય સમયે ચૂંટણી મેદાનમાં ઉતરશે. ભાજપે છેલ્લાં ત્રણ લોકસભા ચૂંટણીથી સતત ઝાંસી બેઠક જીતેલી છે. હાલમાં ભાજપના અનુરાગ શર્મા આ બેઠક પરથી સતત બીજી વખત સાંસદ છે.

શુભમન ગિલ પર લાગ્યું કલંક!

## તમામ ફોર્મેટમાં પહેલી મેચ હારનારો કેપ્ટન બન્યો ગિલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પર્થમાં રમાયેલી પહેલી વનડેમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતને ૭ વિકેટથી કારમી હારનો સામનો કરવો પડ્યો. આ હાર સાથે, ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે એક શરમજનક રેકોર્ડ બનાવ્યો છે. ગિલ ત્રણેય ફોર્મેટમાં કેપ્ટનશિપ કરતી વખતે પોતાની પહેલી મેચ હારનાર બીજો ભારતીય કેપ્ટન બન્યો છે. વિરાટ કોહલી અને શુભમન ગિલ બંનેએ કેપ્ટન તરીકે પોતાની પહેલી IPL મેચ હારી હતી. પર્થમાં રમાયેલી પહેલી વનડેમાં ઓસ્ટ્રેલિયા સામે ભારતને ૭ વિકેટથી કારમી હારનો સામનો કરવો પડ્યો. આ હાર સાથે, ટીમ ઈન્ડિયાના કેપ્ટન શુભમન ગિલે એક શરમજનક રેકોર્ડ બનાવ્યો છે. તે ત્રણેય ફોર્મેટમાં કેપ્ટનશિપ કરતી વખતે પોતાની પહેલી મેચ હારનાર બીજો ભારતીય કેપ્ટન બન્યો છે. એ નોંધવું જોઈએ કે વિરાટ કોહલી અને શુભમન ગિલ બંનેએ કેપ્ટન તરીકે પોતાની પહેલી IPL મેચ હારી હતી. આ શરમજનક રેકોર્ડ પહેલાથી જ વિરાટ કોહલીનો છે. વિરાટ કોહલી પણ આ અનોખો રેકોર્ડ ધરાવે છે. ગિલ ઉપરાંત, વિરાટ કોહલી ઈન્ટરનેશનલ ક્રિકેટ અને IPLમાં પણ આ શરમજનક રેકોર્ડ ધરાવે છે. પરિણામે, શુભમન ગિલ એકમાત્ર ભારતીય કેપ્ટન છે જેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટ, IPL અને પ્રોફેશનલ ડોમેસ્ટિક ક્રિકેટમાં કેપ્ટનશીપ કરતી વખતે પોતાની પહેલી મેચ હારી છે. શુભમન ગિલ અને વિરાટ કોહલી એ ખેલાડીઓમાં સામેલ છે જેમણે ત્રણેય ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ કર્યું છે, પરંતુ બંને ત્રણેય ફોર્મેટમાં પોતાની પહેલી મેચ હારી ગયેલા કેપ્ટન પણ બન્યા છે. આ મેચમાં, ઓસ્ટ્રેલિયાના કેપ્ટન મિશેલ માર્શે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પહેલા બેટિંગ કરતા, ભારતીય ટીમ સારી શરૂઆત કરી શકી નહીં. લાંબા સમય પછી મેદાનમાં પાછા ફરતા રોહિત શર્મા અને વિરાટ કોહલી વહેલા આઉટ થઈ ગયા. કેપ્ટન શુભમન ગિલ પણ ફક્ત ૧૦ રન બનાવી શક્યો. વરસાદને કારણે, મેચ ૨૬ ઓવર સુધી ઘટાડી દેવામાં આવી. પહેલા બેટિંગ કરતા, ભારતે ઓસ્ટ્રેલિયાને ૧૩૧ રનનો લક્ષ્યાંક આપ્યો, જે ઓસ્ટ્રેલિયાએ સાત વિકેટ બાકી રાખીને હાંસલ કર્યો. મિશેલ માર્શે ઓસ્ટ્રેલિયા માટે અણનમ ૪૬ રન બનાવ્યા. ઓસ્ટ્રેલિયા હાલમાં ત્રણ મેચની સિરીઝ ૧-૦ થી આગળ છે.

તેજ પ્રતાપ યાદવ વિરુદ્ધ ઉતાર્યો ઉમેદવાર

## આરજેડીએ જાહેર કરી ૧૪૩ ઉમેદવારોની યાદી

**આરજેડીએ મહુઆથી મુકેશ રોશનને ઉમેદવાર બનાવ્યા છે, જે તેજ પ્રતાપ યાદવ સામે ચૂંટણી લડશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)પટના,

રાષ્ટ્રીય જનતા દળ (RJD) એ ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પાર્ટીએ કુલ ૧૪૩ બેઠકો માટે પોતાના ઉમેદવારોની જાહેરાત કરી છે. તેજસ્વી યાદવના નેતૃત્વ હેઠળ બહાર પાડવામાં આવેલી આ યાદીમાં યુવાનો, મહિલાઓ અને લઘુમતી સમુદાયોને પ્રાથમિકતા આપવામાં આવી છે. ઈત્નદ્ધ એ મહુઆથી મુકેશ રોશનને ઉમેદવાર બનાવ્યા છે, જે તેજ પ્રતાપ યાદવ સામે ચૂંટણી લડશે. આ વખતે RJD એ ૧૮ લઘુમતી ઉમેદવારો અને ૨૪ મહિલા ઉમેદવારોને ટિકિટ આપી છે. પાર્ટીએ આને સામાજિક સંવાદિતા અને પ્રતિનિધિત્વનું પ્રતિક ગણાવ્યું છે. વિપક્ષના નેતા તેજસ્વી યાદવ ફરી એકવાર તેમના પરંપરાગત ગઢ ગણાતા રાઘોપુર બેઠક પરથી ચૂંટણી લડશે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી જય પ્રકાશ યાદવને ઝાઝાથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. છ વખત ધારાસભ્ય રહેલા લલિત યાદવને દરભંગા ગ્રામીણથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. લાલુ પ્રસાદ યાદવના નજીકના માનવામાં આવતા ભોલા યાદવ બહાદુરપુર બેઠક પરથી ચૂંટણી લડશે. ભૂતપૂર્વ વિધાનસભા અધ્યક્ષ અવધ બિહારી ચૌધરી સિવાનથી RJD ઉમેદવાર રહેશે. દિવંગત બાહુબલી નેતા શહાબુદ્દીનના પુત્ર ઓસામા શહાબને રઘુનાથપુર બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે, જે ચર્ચાનો વિષય બની ગઈ છે. વધુમાં, ભોજપુરી સુપરસ્ટાર ખેસારી લાલ યાદવને છપરા બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે, જેના કારણે ત્યાંની ચૂંટણી અત્યંત રસપ્રદ બની છે. દરમિયાન, ચંદ્રશેખરને મધેપુરાથી ટિકિટ આપવામાં આવી છે. બાહુબલી નેતા સૂરજભાન સિંહની પત્ની વીણા દેવીને મોકામા બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવી છે. દિગ્ગજ નેતા ઉદય નારાયણ ચૌધરીને ઝાઝા વિધાનસભા બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. આરજેડીની યાદી જાહેર થતાં ત્રણ બેઠકો એવી ઉભરી આવી છે જ્યાં મહાગઠબંધનના પક્ષો વચ્ચે સીધી સ્પર્ધા છે. વૈશાલીમાં કોંગ્રેસના ઉમેદવાર અજય કુશવાહા અને આરજેડી ઉમેદવાર સંજીવ કુમાર સામસામે છે. લાલગંજમાં કોંગ્રેસના ઉમેદવાર આદિત્ય કુમાર અને આરજેડી ઉમેદવાર શિવાની શુક્લા એકબીજા ચૂંટણી લડશે છે. સિકંદરામાં કોંગ્રેસના ઉમેદવાર વિનોદ ચૌધરી અને આરજેડી ઉમેદવાર ઉદય નારાયણ ચૌધરી પણ સામસામે છે.

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રના માર્ગો પર ટ્રાફિક

## અમદાવાદ શહેર ખાલીખમ થવા લાગ્યું, રોડ મોટા લાગવા માંડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ધનતેરસની પૂજા કરીને અમદાવાદીઓ ફરવા નીકળી ગયા છે. અમદાવાદમાં ખૂબ જ મોટી સંખ્યામાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના લોકો વસવાટ કરી રહ્યા છે તે તમામ લોકો વેકેશન પડતાં અને ધનતેરસની પૂજા કરીને દિવાળી વતનમાં કરવા માટે તેમણે વતનની વાટ પકડી લીધી છે. જેને લઈને ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફના માર્ગો પર ભારે ટ્રાફિક જામ થઈ રહ્યો છે. આ ઉપરાંત ફરવા જવાના શોખીન અમદાવાદીઓએ ઘણા દિવસો પહેલા જ પરિવાર કે મિત્રો સાથે બહાર ફરવા જવાનો પ્લાન ઘડી દીધો હતો. તેઓ પણ દિવાળી વેકેશનમાં ટૂર પર નીકળી ગયા છે. જેને પગલે કાળી ચૌદશની સવારથી જ અમદાવાદ શહેર ખાલીખમ જોવા મળી રહ્યું છે. ટ્રાફિકથી ધમધમતા અમદાવાદ શહેરના તમામ ચાર રસ્તાઓ પર હવે ટ્રાફિક સિગ્નલ પર થોભવાની પણ જરૂર પડે નહીં તેટલો ઓછો ટ્રાફિક જોવા મળી રહ્યો છે.નવરાત્રિથી જ લોકો દિવાળીની વાટ જોતા હોય છે. દિવાળી એટલે પાંચ દિવસની રજાઓ. કોઈ જ કામધંધો નહીં, માત્ર પરિવાર કે મિત્રો અથવા પોતાના ગ્રૂપના અને મનગમતા માણસો સાથે પૂરતો સમય પસાર કરવાનો સમય. દિવાળીના દિવસોની શરૂઆત થઈ ગઈ છે ત્યારે ધનતેરસની પૂજા કરીને લોકો દિવાળી કરવા માટે શહેરમાંથી પોતપોતાના વતન તરફ ઉપડી ગયા છે. ધનતેરસની પૂજા કરીને ઘણા લોકોએ મોડી સાંજે જ વતનની વાટ પકડી હતી. તો ઘણા લોકોએ કાળી ચૌદશની વહેલી સવારે અમદાવાદથી ઉપડી ગયા હતા. તંત્ર દ્વારા લોકોને વતન જવા માટે ખાસ સરકારી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રાઈવેટ બસોમાં પણ બે-ત્રણ ગણું ભાડું વસૂલવામાં આવી રહ્યું છે. જ્યારે જે લોકો પાસે પોતાની ગાડી કે વાહન છે તેઓ પોતાના પ્રાઈવેટ વાહનોમાં વતન ઉપડી ગયા છે.આટલું જ નહીં, જે લોકોએ વતનમાં દિવાળી કરવા જવાનો પ્લાન ઘડ્યો નથી, તેઓ પરિવાર કે મિત્રો સાથે બહાર ફરવા નીકળી પડ્યા છે. જેને લઈને હાલ તો દેશભરના પ્રવાસન સ્થળો ગુજરાતી પ્રવાસીઓથી ભરાઈ ગયા છે. શનિ-રવિવારે અમદાવાદમાંથી લાખોની સંખ્યામાં લોકો રવાના થઈ જતાં શહેરની અડધી વસ્તી ખાલી થઈ ગઈ છે અને શહેર ખાલી ખાલી લાગી રહ્યું છે.અમદાવાદ સહિત ગુજરાતના તમામ મહાનગરો અને નગરોમાં વસતા લોકો દિવાળી કરવા માટે ચાર-પાંચ દિવસ માટે પોતાના ગામડે પહોંચી ગયા છે. તેને પગલે ખાલીખમ રહેતા ગામડાં ભરચક બની ગયા છે. ઘણા ગામોમાં તો માત્ર વડીલો જ વસવાટ કરી રહ્યા છે. ગામના તમામ યુવાનો પરિવાર સાથે કામધંધા માટે વિદેશ કે મહાનગરોમાં જઈને વસવાટ કરી રહ્યા છે. જેને પગલે ગામ ખાલી રહેતા હોય છે, જો કે દિવાળીમાં ફરીથી ગામડાંમાં રોનક આવી રહી છે.

અંડર કન્સ્ટ્રક્શન એરિયામાંથી ચોરો ઘૂસ્યા

## પેરિસમાં મ્યુઝિયમમાંથી સાત મિનિટમાં કિંમતી દાગીના ચોરાયા

**પેરિસના પ્રખ્યાત લોર મ્યૂઝિયમમાં નેપોલિયનના અંગત કલેક્શનની અમૂલ્ય જ્વેલરી રાખવામાં આવી હતી**



(સંપૂર્ણ સમાચાર સેવા)પેરિસ

પ્રખ્યાત મ્યુઝિયમમાંથી કિંમતી અને દુર્લભ દાગીનાની ચોરીના દૃશ્ય અનેક ફિલ્મોમાં જોવા મળેલા છે. ફેશન નગરી પેરિસના પ્રખ્યાત લોર મ્યૂઝિયમમાંથી ભરચક ભીડ વચ્ચેથી દુર્લભ દાગીનાની ચોરી થતાં ચકચાર મચી છે. માત્ર ૭ મિનિટમાં દાગીનાની ચોરી કર્યા પછી ભેજાબાજ લૂટારુઓ ટુ-વ્હિલર પર નાસી છૂટ્યા હતા. સમગ્ર ફ્રાન્સમાં તસ્કરોને શોધવા કવાયત હાથ ધરવામાં આવી છે.ફ્રાન્સના સાંસ્કૃતિક મંત્રી રેચિડા ડટીએ એક્સ પોસ્ટ પર જણાવ્યુ હતું કે, લોર મ્યૂઝિયમમાં રવિવારે સવારો ચોરી થઈ હતી. આ ઘટનામાં કોઈ ઈજા થઈ ન હતી. ફ્રાન્સના આંતરિક મંત્રી લોરેન નુએઝે આ ઘટનાને મોટી લૂટ ગણાવતા કહ્યુ હતું કે, લૂટારુઓ બાસ્કેટ લિફ્ટની મદદથી ઘૂસ્યા હતા. અંડર કન્સ્ટ્રક્શન એરિયામાં આવેલી બાસ્કેટ લિફ્ટમાંથી તેઓ આવ્યા હતા. આ બાસ્કેટ લિફ્ટનો ઉપયોગ સામાનની હેર ફેર માટે થતો હોય છે. બાદમાં તેઓ ડિસ્ક કટરની મદદથી બારી તોડવામાં સફળ રહ્યા હતા. બારી તોડીને એપોલો ગેલેરી ખાતે આવેલા રૂમમાં પહોંચ્યા હતા. આ ઘટના સવારે ૯.૩૦ના અરસામાં બની હતી. તે સમયે મ્યૂઝિયમને જાહેર જનતા માટે શરૂ કરી દેવામાં આવ્યુ હતું. માત્ર સાત મિનિટના જ સમયમાં ઘરેણાં ચોરીને તસ્કરો ટુ-વ્હિલર પર નાસી છૂટ્યા હતા. સમગ્ર ફ્રાન્સમાં આ ઘટનાને જ્વેલરી હેઈસ્ટ તરીકે ઓળખવામાં આવે છે. ઘટના બાદ ફોરેન્સિક તપાસ હાથ ધરવામાં આવી છે અને ચોરાયેલી વસ્તુઓની યાદી તૈયાર થઈ રહી છે. પેરિસના પ્રખ્યાત લોર મ્યૂઝિયમમાં નેપોલિયનના અંગત કલેક્શનની અમૂલ્ય જ્વેલરી રાખવામાં આવી હતી. પેરિસમાં રોજના સેંકડો લોકો આ મ્યૂઝિયમમાં આ કલેક્શન જોવા આવતા હતા. ચોરોએ પ્રદર્શન સ્થળે આવેલી એપોલો ગેલેરીના બે ડિસ્પ્લેને ટાર્ગેટ બનાવ્યા હતા. નેપોલિયનના ઘરેણામાંથી ૯ કિંમતી વસ્તુઓ ચોરાઈ હોવાનું કહેવાય છે. ચોરાયેલા દાગીના પૈકીની એક વસ્તુ બાદમાં મ્યુઝિયમની બહારથી મળી આવી હતી. નેપોલિયનના ઘરેણાં ઉપરાંત સમ્રાટ યુજિનનો મુગટ પણ ચોરાયો હતો, જે બાદમાં મ્યુઝિયમ બહારથી મલી આવ્યો હતો. આ મુગટ નીચે પડી જવાથી તૂટી ગયેલો હતો.

## ડોનાલ્ડ ટ્રમ્પે કોલંબિયાના પ્રમુખ પેટ્રોને ડ્રગ્સના દાણચોર કહ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પામ બીચ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લેટિન અમેરિકાના દેશ કોલંબિયાના વડા ગુસ્તાવો પેટ્રોને ગેરકાયદે ડ્રગ ડીલર ગણાવ્યા અને સાથે જ અમેરિકા દ્વારા અપાતી આર્થિક મદદ રોકવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટમાં લખ્યું કે, કોલંબિયાના રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રો ગેરકાયદે ડ્રગ્સના દાણચોર છે, તેઓ એક નિષ્ફળ તથા બિનલોકપ્રિય નેતા છે. જો કોલંબિયા ડ્રગ્સના વધી રહેલા દુષણ સામે કાર્યવાહી નહીં કરે તો અમેરિકા તેની સામે પગલાં લઈ શકે છે. ટ્રમ્પે રવિવારે ફ્લોરિડા સ્થિત તેના માર-એ-લાગો રિસોર્ટ ખાતે આ નિવેદન કર્યુ હતું.

ટ્રમ્પે ઉમેર્યુ કે, પેટ્રો અમેરિકા વિરુદ્ધ ઝેર ઓકી રહ્યા છે. તેમણે તાત્કાલિક ધોરણો 'મોતના ખેતરો' બંધ કરવા જોઈએ અન્યથા યુએસ તેને બંધ કરશે.

## અમરેલીના સાવરકુંડલામાં આવેલી નાવલી નદીના પટમાં નાવલી ઉત્સવ યોજાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

સાવરકુંડલા શહેરની વચ્ચેથી નીકળતી નાવલી નદી કેટલાય વર્ષોથી સુસુક્ત અને ગટરગંગા બની ગઈ હતી, જેને સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાએ રીવરફ્રન્ટનો રૂપ આપવાના પ્રયાસ અને નાવલીને નવલગંગા બનાવવાના સ્વપ્ના સાથે દિપાવલીની પૂર્વ સંધ્યાએ નાવલી ઉત્સવ એટલે કે અદભુત લોકડાયરો યોજી શહેરીજનોને એક નવી ભેટ આપવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના ન્યાય અને કાયદા તેમજ પેટ્રોકેમિકલ મંત્રી કૌશિકભાઈ વેકરીયાના અધ્યક્ષ સ્થાને આ કાર્યક્રમ યોજાયો જેમાં સાંસદ ભરતભાઈ સુતરીયા ધારાસભ્ય જેવી કાકડીયા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા અને યજમાન ધારાસભ્ય મહેશભાઈ કસવાળા ઉપરાંત તેની વિશેષ ઉપસ્થિતિ રહી છે તેવા સાવરકુંડલાના માનવ મંદિરના સંત ભક્તિ બાપુ સુપ્રસિદ્ધ કથાકાર જીગ્નેશ દાદા સહિતના સંતો રાજકીય અગ્રણીઓ અને વિશાળ સંખ્યામાં ભાઈ બહેનોની ઉપસ્થિતિમાં મહેમાનોનું સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રીકૌશિકભાઈ વેકરીયાએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સૌપ્રથમ સંતોના આશીર્વાદ લીધા હતા ત્યારબાદ કૌશિકભાઈ વેકરીયાનું નગરપાલિકા સાવરકુંડલા તેમજ અધિકારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું, કૌશિકભાઈ વેકરીયાએ નાવલી નદી અને સાવરકુંડલાના વિકાસ બાબતે ધારાસભ્ય મહેશભાઈ કસવાળાને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે તેઓએ વધુમાં જણાવ્યું હતુ કે, અમરેલી જિલ્લાના ઈતિહાસમાં પાંચ ધારાસભ્યો અને એક સાંસદની અમારી ટીમ અમરેલી જિલ્લાને એક આગવી ઓળખ આપશે. તેમજ આગામી દિપાવલી અને નવા વર્ષની શુભકામનાઓ પણ પાઠવી હતી

સાવરકુંડલાની નાવલી નદીના પટાંગણમાં યોજાયેલ નાવલી ઉત્સવ લોક ડાયરા પ્રસંગે ઉપસ્થિત રહેલા સંતોમાં સુપ્રસિદ્ધ કથાકાર જીગ્નેશ દાદા એ પણ પોતાના સંસમરણો વાગોળતા મંત્રી કૌશિકભાઈ વેકરીયા સાથેના સંબંધોની યાદ આપી હતી અને ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા જે વિકાસની વણથંભી વણઝારને અભિનંદન આપ્યા હતા.

## ડભોડામાં ડભોડિયા હનુમાન દાદાની મહાઆરતીમાં ૩ લાખ ભક્તો ઊમટ્યાં

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ગાંધીનગર પાસે આવેલા ડભોડા ગામમાં 'ડભોડિયા હનુમાન' દાદા તરીકે પ્રચલિત તીર્થધામમાં ધનતેરસની મધરાતથી ધર્મોત્સવ જેવો માહોલ જામ્યો હતો.

હનુમાન દાદાની મહાઆરતી અને વિશેષ પૂજા અર્ચના કરવાનો પ્રસંગ ૧૮ ઓક્ટોબરને શનિવારે (ધનતેરસ) રાત્રે ભારે શ્રદ્ધા સાથે ઉજવાયો હતો. શનિવારે બપોર પછી ભક્તોનો ભારે ધસારો થવા લાગ્યો હતો. તેના પગલે સમગ્ર ગામમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આ અવસરનો લ્હાવો લેવા માટે ૩ લાખથી વધુ ભક્તો ઊમટી પડ્યા હતાં.કાળી ચૌદશના દિવસે અંજની પુત્ર હનુમાન દાદાની વિશેષ પૂજા અર્ચના કરવાનો મહિમા વર્ષોથી ચાલ્યો આવે છે. આ દિવસે હનુમાન દાદાની મૂર્તિ પર ભક્તો દ્વારા તેલનો અભિષેક કરવામાં આવે છે. ડભોડા હનુમાન મંદિરના પૂજારી રાજેશ મહેતાએ જણાવ્યું કે ૧૮ ઓક્ટોબરને શનિવારે રાત્રે ૧૨ વાગે દાદાની મહાઆરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે સેંકડોની સંખ્યામાં કાળા દોરાને સિદ્ધ કરવામાં આવ્યા હતાં.

ગરવી ગુજરાત




એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોના-ચાંદીના વાયદામાં સામસામા રાહ: સોનાનો વાયદો રૂ.૬૯૩ ઊછળ્યો, ચાંદીનો વાયદો રૂ.૨,૪૬૦ ગબડ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૩૨ની નરમાઈ: કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૦૭૫૨.૮૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૯૮૭૭.૭૨ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૬૬૨૬.૨૮ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૦૦૩૧ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૮૦૬૩૬.૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૫૦૭૫૨.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૯૮૭૭.૭૨ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૩૦૦૩૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૨૩૬.૩૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૪૬૬૨૬.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૮૧૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૮૫૫૬ અને નીચામાં રૂ.૧૨૬૬૫૫ના મથાળે અથડાઈ, રૂ.૧૨૭૦૦૮ના આગલા બંધ સામે રૂ.૬૯૩ વધી રૂ.૧૨૭૭૦૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની ઓક્ટોબર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૯ વધી રૂ.૧૦૨૧૦૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓક્ટોબર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૩૩ વધી રૂ.૧૨૮૨૬ થયો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪૯ વધી રૂ.૧૨૬૫૦૦ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૪૪૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૭૭૮૮ અને નીચામાં રૂ.૧૨૫૮૫૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૬૩૭૨ના આગલા બંધ સામે રૂ.૫૪૦ વધી રૂ.૧૨૬૯૧૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૯૮૭૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૯૮૭૫ અને નીચામાં રૂ.૧૫૩૧૩૧ના મથાળે અથડાઈ, રૂ.૧૫૬૬૦૪ના આગલા બંધ સામે રૂ.૨૪૬૦ ઘટી રૂ.૧૫૪૧૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૩૧૨૧ ઘટી રૂ.૧૫૬૦૦૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૩૦૦૭ ઘટી રૂ.૧૫૬૦૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૨૫૦૬.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓક્ટોબર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૨૯૨૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૯૨૫ અને નીચામાં રૂ.૨૭૯૯ના મથાળે અથડાઈ, રૂ.૯૯ ઘટી રૂ.૨૮૩૯ થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો બેરલદીઠ રૂ.૫૦૨૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૦૫૯ અને નીચામાં રૂ.૫૦૦૩ના મથાળે અથડાઈ, રૂ.૫૦૫૩ના આગલા બંધ સામે રૂ.૩૨ ઘટી રૂ.૫૦૨૧ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૩૦ ઘટી રૂ.૫૦૨૧ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧૫.૨ વધી રૂ.૨૮૦.૩ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર વાયદો રૂ.૧૫.૧ વધી રૂ.૨૮૦.૧ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૯૨૯ના ભાવે ખૂલી, રૂ.૭.૬ ઘટી રૂ.૯૨૨.૬ થયો હતો. એલચી ઓક્ટોબર વાયદો કિલોદીઠ રૂ.૨૪૮૬ના ભાવે ખૂલી, રૂ.૧૫૫ વધી રૂ.૨૭૪૩ના ભાવે બોલાયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૨૪૫૫.૫૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨૪૧૭૦.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૧૧૨૦.૯૭ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૧૩.૫૪ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૪.૫૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૧.૦૨ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૨૮૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૯૯૨૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૨૯૮૦ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૩૪૯૬૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૯૯૩૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૮૮૪૦ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૫૭૬૬૫ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૬૩૫૯૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૬૯૯ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૪૬૨૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૯૪૫૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૩૦૧૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૦૨૩૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૯૭૦૭ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૬ પોઈન્ટ વધી ૩૦૦૩૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૩ ઘટી રૂ.૧૬૩.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૭૫ વધી રૂ.૬.૨૫ થયો હતો.

સોનું ઓક્ટોબર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૧ વધી રૂ.૨૦૮૩.૫ થયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૯૬.૫ ઘટી રૂ.૨૮૮૨ થયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૫૧ ઘટી રૂ.૪ના ભાવે બોલાયો હતો. જસત ઓક્ટોબર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૫૬ પૈસા ઘટી રૂ.૧ થયો હતો. મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૫ ઘટી રૂ.૧૬૫.૧૫ થયો હતો. નેચરલ ગેસ-મિની ઓક્ટોબર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૭ વધી રૂ.૧૧ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૧૩૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૨૪ ઘટી રૂ.૮૬૧ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૬૨૦ ઘટી રૂ.૩૭૩૦ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૭ વધી રૂ.૨૦૨.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪ ઘટી રૂ.૨ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓક્ટોબર રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૦૭ વધી રૂ.૫૩૬૬.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓક્ટોબર રૂ.૯૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૧૨ ઘટી રૂ.૮.૬૪ના ભાવે બોલાયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની નવેમ્બર રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૨.૨૫ વધી રૂ.૨૦૩.૬૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ઓક્ટોબર રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪૯.૫ વધી રૂ.૨૭૯૯.૫ થયો હતો.

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન સીઝફાયર માટે સંમત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)કતાર, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની વચ્ચે કતારના દોહામાં વાતચીત થઈ છે. આ દરમિયાન બંને દેશો તાત્કાલિક શસ્ત્રવિરામ (સીઝફાયર) માટે સહમત થઈ ગયા છે, આ માહિતી કતારના વિદેશ મંત્રાલયે આપી છે. જોકે, સીઝફાયરની સમજૂતીથી અલગ અફઘાન લોકોના હૃદયમાં પાકિસ્તાનના નાપાક હુમલાનું દર્દ કાયમ છે. કેમ કે ૪૮ કલાકના શસ્ત્રવિરામ પર સંમતિ પછી પણ પાકિસ્તાને અફઘાનિસ્તાનના પક્તિકામાં હવાઈ હુમલો કર્યો, જેમાં ઓછામાં ઓછા ૧૦ અફઘાન નાગરિકોના મોત થયા, જેમાં ત્રણ અફઘાન ક્રિકેટરો પણ સામેલ હતા. આ અફઘાન ક્રિકેટરો સહિત તમામ મૃતક નાગરિકોની અંતિમવિધિમાં હજારો અફઘાન લોકો સામેલ થયા હતા.

મીડિયા અહેવાલ મુજબ, બંને દેશોની વચ્ચે તણાવ ઓછો કરવા માટે કતાર અને તુર્કીયેની મધ્યસ્થીમાં દોહામાં શનિવારે વાતચીત થઈ. ત્યાર પછી કતારના વિદેશ મંત્રાલયે કહ્યું કે, બંને પક્ષ ત્વરિત યુદ્ધવિરામ અને બંને દેશોની વચ્ચે સ્થાયી શાંતિ અને સ્થિરતાને મજબૂત કરવા માટે તંત્રની સ્થાપના પર સહમત થયા છે. દોહામાં વાતચીતમાં ભાગ લીધા પછી પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આસિફે પુષ્ટિ કરી કે શસ્ત્રવિરામ (સીઝફાયર) પર સમજૂતિ થઈ ગઈ છે. બંને દેશો ફરીથી ૨૫મી ઓક્ટોબરે ઈસ્તાંબુલમાં મળશે. આ સાથે આસિફે એક પોસ્ટ કરીને કહ્યું કે, અફઘાનિસ્તાનથી સંચાલિત પાકિસ્તાનની ધરતી પર આતંકવાદ તરત જ બંધ થઈ જશે. બંને પડોશી દેશ એકબીજાના સાર્વભૌમત્વનું સન્માન કરશે. જોકે, પાકિસ્તાનનો ભૂતકાળ જોતાં અફઘાનોને હજુ પણ શંકા છે.

# ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ રેલ્વે કર્મચારીઓને દિવાળીની શુભેચ્છાઓ પાઠવી અને મુસાફરોની સેવામાં તેમના યોગદાનની પ્રશંસા કરી



દિવાળી એ આનંદનો તહેવાર છે. પશ્ચિમ રેલ્વેનું વડોદરા ડિવિઝન નિયમિત ટ્રેનો ઉપરાંત, ખાસ ટ્રેનો ચલાવી રહ્યું છે જેથી તમે તમારા પરિવાર સાથે ઘરે દિવાળી ઉજવી શકો. અમારા સ્ટેશન માસ્ટર, ટિકિટ ચેકર, બુકિંગ સ્ટાફ, ટ્રેકમેન, લોકો પાઈલટ, ટ્રેન મેનેજર, રેલ્વે સુરક્ષા દળના કર્મચારીઓ, સફાઈ કર્મચારીઓ વગેરે, દરેક જણ આ તહેવારોની મોસમ દરમિયાન તમારી મુસાફરી સુરક્ષિત રહે અને તમે તમારા પરિવાર સાથે દિવાળી અને છઠ ખુશીથી ઉજવી શકો તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર શ્રી રાજુ ભડકેએ આજે વડોદરા સ્ટેશન પર દિવાળીના શુભ અવસર પર ટ્રેકમેન, સિગ્નલમેન, સફાઈ કામદારો, રેલ્વે સહાયકો વગેરેને શુભેચ્છાઓ પાઠવી અને તેમને મીઠાઈઓનું વિતરણ પણ કર્યું.

શ્રી ભડકેએ આ તહેવારની મોસમ દરમિયાન સ્ટેશન પર ભીડ વ્યવસ્થાપન, સ્વચ્છતા વગેરે જેવી વિવિધ વ્યવસ્થાઓના સંચાલનમાં તેમના દ્વારા આપવામાં આવેલ યોગદાન બદલ પણ આભાર માન્યો.

# ન્યૂઝીલેન્ડે ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમાનારી ત્રણ મેચની વનડે સિરીઝ માટે ટીમની જાહેરાત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી ન્યૂઝીલેન્ડ ક્રિકેટ ટીમે ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમાનારી ત્રણ મેચની વનડે સિરીઝ માટે ટીમની જાહેરાત કરી દીધી છે. બંને ટીમો વચ્ચે આ સિરીઝ ૨૬ ઓક્ટોબરથી રમાશે. આ સિરીઝ માટે ન્યૂઝીલેન્ડે કુલ ૧૪ ખેલાડીઓની પસંદગી કરી છે, જેમાં એક દિગ્ગજનું નામ પણ સામેલ છે. લાંબા સમય બાદ આ ખેલાડી ટીમમાં વાપસી કરી રહ્યો છે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ રમાનારી વનડે સિરીઝ માટે પૂર્વ કેપ્ટન કેન વિલિયમસનને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

તો ઓલરાઉન્ડર નાથન સ્મિથની વાપસી થઈ રહી છે, જે ઈજા બાદ મેદાન પર પરત ફરશે. વિલિયમમસન ચેમ્પિયન્સ ટ્રોફી ફાઈનલ બાદ ટીમમાંથી બહાર હતો.

મબત્વનું છે કે વિલિયમસને ન્યૂઝીલેન્ડ ક્રિકેટની સાથે કેઝ્યુઅલ કોન્ટ્રાક્ટ કર્યો છે, જેનો મતલબ છે કે તે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટવાળા ખેલાડીઓની તુલનામાં વિદેશી ટી૨૦ લીગ અને બાકી ક્રિકેટ રમવા માટે વધુ સ્વતંત્ર છે. એટલે વિલિયમસને છેલ્લા સાત મહિનાથી કીવી ટીમ માટે કોઈ મેચ રમી નથી. તેની સાથે ડેવોન કોનવે, ફિન એલેન, લોકી ફર્ગ્યુસન અને ટિમ સેઈફર્ટ પણ આવો કરાર કર્યો છે.

બીજીતરફ ટીમમાં માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, જેકબ ડફી, જેક ફોલ્કેસ, મેટ હેનરી, કાઈલ જેમીસન, ડેરલ મિચેલ, રચિન રવિન્દ્ર, વિલ યંગ સામેલ છે. આ સિવાય ફિન એલેન, લોકી ફર્ગ્યુસન, એડમ મિલ્ને, વિલિ ઓરૂર્ક, ગ્લેન ફિલિપ્સ અને બેન સીયર્સ ઈજાને કારણે બહાર છે.

ઈંગ્લેન્ડ વિરુદ્ધ વનડે સિરીઝ માટે ન્યૂઝીલેન્ડની ટીમ : મિશેલ સેન્ટનર (કેપ્ટન), માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, જેકબ ડફી, જેક ફોક્સ, મેટ હેનરી, કાયલ જેમીસન, ટોમ લેથમ (વિકેટકીપર), ડેરિલ મિશેલ, રચિન રવિન્દ્ર, નાથન સ્મિથ, કેન વિલિયમસન, વિલ યંગ.

### આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર ચાર લોકોમાંથી બેના મોત થયા

# દુબઈથી હોંગકોંગ આવતું વિમાન રન-વેથી લપસી દરિયામાં ગરકાવ

### આ દુર્ઘટના બાદ હોંગકોંગ એરપોર્ટના વ્યસ્ત એવા ઉત્તરી રનવેને તાત્કાલિક બંધ કરી દીધો છે, જેના કારણે કેટલીક ફ્લાઈટ્સના સંચાલન પર અસર પડી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)દુબઈ, દુબઈથી ઉડાન ભરનાર એક બોઈંગ ૭૪૭ કાર્ગો વિમાન સોમવારે વહેલી સવારે હોંગકોંગ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે રનવે પરથી લપસીને સમુદ્રમાં ખાબક્યું હતું. આ ભયાનક અકસ્માતમાં વિમાનમાં સવાર ચાર લોકોમાંથી બેના મોત થયા છે, જ્યારે અન્ય બેને બચાવી લેવાયા છે. દુર્ઘટના એટલી ગંભીર હતી કે વિમાનનો અડધો ભાગ તૂટીને સમુદ્રમાં ગરકાવ થઈ ગયો હતો.પ્રાથમિક અહેવાલો અનુસાર, આ દુર્ઘટના સ્થાનિક સમય અનુસાર સવારે લગભગ ૩:૫૦ વાગ્યે બની હતી. વિમાન લેન્ડિંગ દરમિયાન રનવે પર નિયંત્રણ ગુમાવી બેઠું અને સીધું નજીકના સમુદ્રમાં જઈને પડ્યું. ઘટનાની જાણ થતાં જ એરપોર્ટ પર મોટા પાયે કટોકટી અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. એરપોર્ટ ઓથોરિટીએ જણાવ્યું કે બે લોકોને બચાવી લેવાયા છે, પરંતુ અન્ય બે લોકોના મોત થયા છે.આ દુર્ઘટના બાદ હોંગકોંગ એરપોર્ટના વ્યસ્ત એવા ઉત્તરી રનવેને તાત્કાલિક બંધ કરી દીધો છે, જેના કારણે કેટલીક ફ્લાઈટ્સના સંચાલન પર અસર પડી શકે છે. જોકે, એરપોર્ટના દક્ષિણ અને મધ્ય રનવે કાર્યરત છે. બીજી તરફ, અમીરાત એરલાઈન્સે એક નિવેદન જારી કરીને જણાવ્યું છે કે, ફ્લાઈટ **EK9788** દુર્ઘટનાગ્રસ્ત થઈ છે, પરંતુ ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે. જોકે, એરપોર્ટ ઓથોરિટીના મૃત્યુના આંકડા આ નિવેદનથી વિરોધાભાસી છે, જેના કારણે હાલ પરિસ્થિતિ અસ્પષ્ટ છે. હોંગકોંગના નાગરિક ઉડ્ડયન વિભાગે જણાવ્યું છે કે આ દુર્ઘટનાની જાણ હોંગકોંગ એર એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન એજન્સીને કરવામાં આવી છે.




તપાસ એજન્સીની ટીમ અકસ્માતના કારણો શોધવાનો પ્રયાસ કરશે, જેમાં સંભવિત તકનીકી ખામી, પાઈલટની ભૂલ અથવા તે સમયની ખરાબ હવામાન પરિસ્થિતિ જેવા પરિબળોની તપાસ કરવામાં આવશે.

# સુરત ખાતે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં પોલીસ પરિવાર સાથે દિવાળી સ્નેહમિલન તથા અભિવાદન સમારોહ યોજાયો

માહિતી બ્યુરો-સુરત: સોમવાર: રાજ્યના નવનિયુક્ત નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી નાયબ મુખ્યમંત્રી તરીકેનો પદભાર સંભાળ્યા બાદ આજે પોતાના મત વિસ્તાર સુરત પહોંચ્યા હતા. સુરતમાં તેમના ઉમળકાભેર સ્વાગત બાદ સરસાણા કન્વેન્શલ હોલમાં નાયબ મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતિમાં સુરત પોલીસ પરિવાર, GSRTC તેમજ RTOના અધિકારીઓ-કર્મચારીઓ સહિત શહેરીજનો સાથે દિવાળી સ્નેહમિલન તથા અભિવાદન સમારોહ યોજાયો હતો.



આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ સુરત પોલીસની સેવા, ત્યાગ અને સમર્પણ માટે આભાર વ્યક્ત કરી એમની કામગીરીને સમગ્ર ગુજરાત માટે પ્રેરણારૂપ ગણાવી હતી.

વધુમાં શ્રી સંઘવીએ ખાખી વર્દી પ્રત્યેનો પોતાનો વિશ્વાસ અને જવાબદારી સ્પષ્ટ કરતા જણાવ્યું હતું કે, રાજ્ય પોલીસ તમામ ગુજરાતીઓની સુરક્ષા, સેવા માટે અહર્નિશ કાર્યરત છે, છતાં ગુજરાત પોલીસની કોઈ પણ ભૂલ થાય તો હું તે ભૂલ મારા નામે સ્વીકારવા માટે તૈયાર છું. દિવાળીના તહેવારમાં વૃદ્ધાશ્રમમાં રહેતા વયોવૃદ્ધ વડીલોની આંખોના આંસુ લૂછવાનું કાર્ય ગુજરાત પોલીસે કર્યું છે. ખાખી વર્દીને ભગવાને વિશેષ શક્તિ આપી છે કે, જેનાથી તે નાગરિકોના હમદર્દ હોવાનો અહેસાસ સુપેરે કરાવે છે. તેમણે વધુમાં કહ્યું કે, ગયા અઠવાડિયે માત્ર ૧૧૨ હેલ્પલાઈન નંબર દ્વારા ૧૧૮થી વધુ બહેનોને મદદ મળી એ આપણી ટીમની પ્રતિબદ્ધતાનું જીવંત ઉદાહરણ છે.

શ્રી સંઘવીએ લવ જેહાદ જેવા ગંભીર મુદ્દાઓ અંગે પણ સ્પષ્ટ વલણ દાખવતા જણાવ્યું કે, હું પ્રેમનો વિરોધી નથી, પરંતુ બદઈરાદાથી, મોડસ ઓપરેન્ડી થકી ટેક્નોલોજીનો દુરૂપયોગ કરીને રાજ્યની નિર્દોષ, ભોળી દીકરીઓના જીવન બરબાદ કરવાનું કાર્ય કરનાર કોઈ પણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં.

રાજ્યના યુવાધનને બરબાદ કરવાના કારસ્તાનમાં સહભાગી બનતા નાના-મોટા ડ્રગ્સ પેડલર્સને પકડવાના નવા વર્ષથી શ્રીગણેશ કરવા ગુજરાત પોલીસને અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, દેશમાં 'તેરા તુજ કો અર્પણ' કાર્યક્રમ થકી ગુજરાત પોલીસે જે રીતે લોકોની પરસેવાની મૂડી, ચીજવસ્તુઓ પરત આપી છે, તે સમગ્ર દેશમાં મોડલરૂપ સાબિત થઈ છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, ગુજરાતના ઉપમુખ્યમંત્રી તરીકે નહીં, પણ તમારા દીકરા તરીકે; આપ સૌના અભિવાદન ઝીલવા માટે નહીં પણ આશીર્વાદ લેવા માટે આવ્યો છું. સ્થાનિક શ્રેષ્ઠીઓ, આગેવાનો, વડીલો થકી મને સમાજ સેવાના ગુણો શીખવા મળ્યા છે. ઉમદા ટીમ લીડર સમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની કાર્યશૈલીથી જનસેવાની પ્રેરણા મળી છે. તેમણે ગુજરાતના વિકાસને આપેલી નવી દિશા, ગરીબોને ન્યાય, મહિલાઓને સુરક્ષા, યુવાનોને ઉર્જા અને વિઝન, વંચિતોને લાભનો ઉલ્લેખ કરી નવા અને વિકસિત ગુજરાતના નિર્માણની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. રાજ્યના તમામ નાગરિકોને દિપાવલીની શુભેચ્છા પાઠવતા કહ્યું કે, ગુજરાતના પ્રત્યેક નાગરિકોના ઘરોમાં ખુશી, સુરક્ષાનો અહેસાસ અને ન્યાયનો દિપ પ્રગટે એવી શુભેચ્છા પાઠવી પોલીસકર્મીઓને પોલીસ સ્ટેશન સુધી ન્યાયની આશામાં આવતા લોકો માટે સેવાનો દિપ બનવા અનુરોધ કર્યો હતો.

# રાજકોટમાં ત્રિપલ મર્ડર: વાહન ટકરાવા જેવી નજીવી બાબતે બે સગાભાઈની હત્યા, હુમલાખોરનું પણ મોત

### આ ઘટનામાં અન્ય લોકોને પણ ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ સમગ્ર દેશમાં દિવાળીના પાવન તહેવારની ઉજવણી વચ્ચે રાજકોટમાંથી એક ચોંકાવનારી અને લોહિયાળ ઘટના સામે આવી છે. દિવાળીના એક દિવસ પૂર્વે એટલે કે કાળી ચૌદશની મોડી રાત્રે શહેરના ગોંડલ રોડ પર આવેલા આંબેડકરનગર વિસ્તારમાં વાહન અથડાવવા જેવી નજીવી બાબતને લઈને થયેલી જૂથ અથડામણમાં એકસાથે ત્રણ વ્યક્તિઓની હત્યા થતાં સમગ્ર શહેર હચમચી ઉઠ્યું છે. મળતી માહિતી મુજબ, મધરાતની આ હિંસક અથડામણમાં એક પક્ષના બે સગા ભાઈઓની છરીના ઘા ઝીંકીને હત્યા કરી દેવાઈ છે. મૃતકોની ઓળખ ૪૫ વર્ષીય સુરેશ પરમાર અને ૪૦ વર્ષીય વશરામ પરમાર તરીકે થઈ છે. એટલું જ નહીં, આ અથડામણમાં સામા પક્ષે હુમલો કરનાર યુવક અરુણ બારોટની પણ હત્યા થઈ હોવાનું સામે આવ્યું છે.

આ ઘટનામાં અન્ય લોકોને પણ ઈજા પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. મૃતક બંને ભાઈઓના પિતા વશરામભાઈએ આ હૃદયદ્રાવક ઘટના અંગે માહિતી આપતા જણાવ્યું કે, 'મારા બંને દીકરાઓ મજૂરી કામ કરીને રાત્રે ઘરે પરત ફરી રહ્યા હતા. રાત્રે ૧૦:૩૦ થી ૧૧:૦૦ વાગ્યાની આસપાસ તેમનું વાહન અથડાયું હશે, જે બાબતે જોઈને ચલાવવા કહેતા બોલાચાલી થઈ હતી.' તેમણે આક્ષેપ કરતા કહ્યું કે, 'સામેવાળા લુખ્ખા તત્ત્વોએ મારા બંને દીકરા, તેમના દીકરા અને મારી પુત્રવધૂ ઉપર છરીઓ ઉગામી, જેમાં આજે મારા બંને દીકરાના મોત થયા છે.' વશરામભાઈએ વિસ્તારમાં વધી રહેલા દારૂના દૂષણ તરફ ધ્યાન દોર્યું હતું અને માગ કરી કે, 'અમારા વિસ્તારમાં દારૂનું દૂષણ છે તે દૂર કરવામાં આવે. લુખ્ખા તત્ત્વો આવી રીતે દારૂ પીને લૂખ્ખાગીરી કરતા હોય છે.' બનાવની જાણ થતાં જ ક્રૂઝ ક્રાઈમ જગદીશ બાંગરવા સહિત માલવિયાનગર પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ અને ઘટનાસ્થળે દોડી ગયા હતા. માલવિયાનગર પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને હત્યાની કલમ હેઠળ બંને પક્ષો સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવા તજવીજ શરૂ કરી છે. નજીવી બાબતમાં થયેલી આ લોહિયાળ અથડામણે દિવાળીના પર્વ પર રાજકોટને શોકમય બનાવી દીધું છે.

# મીઠાઈ, ફરસાણ અને ફટાકડાંની દુકાનોમાં સરપ્રાઈઝ ચેકિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર ચોટીલા, મુળી અને થાન તાલુકામાં ૪૦ લોકોએ દિવાળીમાં ફટાકડાંના વેચાણ માટે હંગામી લાઈસન્સ મેળવાયું છે. ત્યારે આજે ચોટીલાના ડેપ્યુટી કલેક્ટરે વિવિધ વિસ્તારોમાં ખાદ્ય પદાર્થો અને ફટાકડાંના વેચાણ અંગે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરાયું હતું.દિવાળીના તહેવારોને ધ્યાને લઈ થોડા દિવસ અગાઉ ચોટીલાના ડેપ્યુટી કલેક્ટર દ્વારા બેઠક યોજી મીઠાઈ-ફરસાણ અને ફટાકડાંના વેપારીઓ સાથે બેઠક યોજી ચીજ વસ્તુના ભાવ, લાઈસન્સ સહિતની બાબતો નક્કી કરાઈ હતી. ત્યારે તમામ ગાઈડલાઈનનું પાલન થાય છે કે કેમ તે અંગે આજે વિવિધ વિસ્તારોમાં મીઠાઈ- ફરસાણ અને ફટાકડાંની દુકાનોમાં તપાસ હાથ ધરાઈ હતી.

### રાજ્ય સરકાર દ્વારા ૫ જિલ્લાઓના ૧૮ તાલુકાઓના નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવાશે

# ખેડૂતોના હિત માટે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારનો વધુ એક ખેડૂતલક્ષી મહત્વનો નિર્ણય : કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાધાણી

**ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય પેટે SDRF ની જોગવાઈ મુજબ રૂ.૫૬૩ કરોડ અને રાજ્ય બજેટ માંથી કુલ રૂપિયા રૂ.૩૮૪ કરોડની વધારાની સહાય ઉમેરી કુલ રૂ.૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર**

કૃષિમંત્રીશ્રી જીતુભાઈ વાધાણી એ જણાવ્યું છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એ ખેડૂતોના હિત માટે અનેકવિધ પગલાંઓ લીધા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી ખેડૂતોના હિતને વરેલી રાજય સરકારે ખેડૂતોને કુદરતી આપત્તિમાં બેઠા કરવા માટે ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે થયેલ નુકસાની ભરપાઈ કરવા સહાય આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. મંત્રીશ્રી વાધાણી એ કહ્યુ કે, દિવાળીના તહેવારોમાં પણ મુખ્યમંત્રીશ્રી એ ખેડૂતોની ખાસ ચિંતા કરીને અધિકારી ઓ સાથે બેઠકો યોજી છે. તથા ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી સાથે કૃષિ વિભાગ અને અમે ચર્ચા કરીને એમનુ પણ માર્ગદર્શન મેળવ્યુ છે અને આ મહત્વનો નિર્ણય કર્યો છે.

કૃષિ મંત્રીશ્રી વાધાણી એ ઉમેર્યુ કે, ઓગસ્ટ અને સપ્ટેમ્બર- ૨૦૨૫ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય રૂપ થવા SDRF ની જોગવાઈ મુજબ રૂ.૫૬૩ કરોડ રાજ્ય બજેટ માંથી કુલ રૂપિયા રૂ.૩૮૪ કરોડની વધારાની સહાય ઉમેરી કુલ રૂ.૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યુ છે.જેમાં ૫ જિલ્લાઓના ૧૮ તાલુકાઓના નુકસાનગ્રસ્ત ખેડૂતોને આ સહાય ચૂકવાશે

મંત્રીશ્રી એ આ અંગે મિડીયાને વિગતો આપતા કહ્યુ કે, ઓગસ્ટ અને સપ્ટેમ્બર-૨૦૨૫ માસમાં થયેલ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન માટે અસરગ્રસ્ત ખેડૂતોને સહાય ચુકવવામાં આવનાર છે. જેમાં જુનાગઢ, પંચમહાલ, કચ્છ, પાટણ અને વાવ-થરાદ જીલ્લામાં પાક નુકસાનીના અહેવાલો મળતાં જીલ્લા વહીવટીતંત્ર તરફથી ૫ જીલ્લાના ૧૮ તાલુકાઓના ૮૦૦ ગામોમાં સર્વે કરી પાક નુકસાનીના અહેવાલો મળ્યા છે. જેમાં ખરીફ ઋતુમાં વાવેતર કરેલ પાકો પૈકી મુખ્યત્વે દિવેલા, ઘાસચારો, બાજરી, કપાસ, મગફળી, શાકભાજી અને કઠોળ પાકોમાં તેમજ બહુવર્ષાયુ દાડમ જેવા બાગાયતી પાકોમાં નુકસાન થયાનું જણાયું છે. મંત્રીશ્રી એ ઉમેર્યુ કે, રાજ્ય સરકાર દ્વારા આ ૫ જિલ્લાઓના ૧૮ તાલુકાઓ ના નુકસાનગ્રસ્ત ખેડૂતોને સહાય ચૂકવવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના માટે SDRF ની જોગવાઈ મુજબ રૂ.૫૬૩ કરોડ અને રાજ્ય સરકારશ્રી દ્વારા ઉદાર અભિગમ અપનાવી રાજ્ય બજેટ માંથી કુલ રૂપિયા રૂ.૩૮૪ કરોડની વધારાની સહાય ઉમેરી કુલ રૂ.૯૪૭ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરાયું છે.

તેમણે ઉમેર્યુ કે, વાવ-થરાદ અને પાટણ જીલ્લાના નીચાણવાળા વિસ્તારોમાં વિશેષ ભૌગોલિક પરિસ્થિતિના કારણે ભારે વરસાદ અને નદીઓના પુરની પરિસ્થિતિમાં વારંવાર ખેતીલાયક જમીનમાં લાંબા સમય સુધી પાણી ભરાવવાની સમસ્યા ઉપસ્થિત થાય છે. આ સમસ્યાના કાયમી ઉકેલ/નિવારણ માટે Flood Mitigation Measures તરીકે ખાસ પ્રોજેક્ટ (Special Project) રાજ્ય સરકારશ્રી દ્વારા અમલમાં મુકવાનું નક્કી કરેલ છે. આ વિસ્તારના અસરગ્રસ્ત ખેડૂતોની સમસ્યા ના નિવારણ માટે રાજયમાં સૌ પ્રથમવાર અલગથી રૂ.૨૫૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવશે અને વધુ જરૂર પડશે તો રૂ.૫૦૦૦ કરોડ કે તેથી વધુની જે જરૂર પડે એની પણ જોગવાઈ કરાશે તેમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય સરકારે પાક નુકસાની સહાય માટે નિયત કરેલા ધોરણો આ મુજબ રહેશે.

અ) ખરીફ ૨૦૨૫-૨૬ ઋતુના વાવેતર કરેલ બિનપિયત ખેતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ વાવેતર વિસ્તારની મર્યાદામાં પ્રતિ

હેક્ટર મળવાપાત્ર રૂ.૮,૫૦૦/- ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ.૩,૫૦૦/- એમ કુલ રૂ.૧૨,૦૦૦/ - પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેકટરની મર્યાદામાં સહાય.

બ) વર્ષાયુ/પિયત પાકોના ૩૩ % કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ વાવેતર વિસ્તારની મર્યાદામાં પ્રતિ હેક્ટર મળવાપાત્ર રૂ.૧૭,૦૦૦/- ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ.૫,૦૦૦/- એમ કુલ રૂ.૨૨,૦૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેકટરની મર્યાદામાં સહાય.

ક) બહુવર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માટે SDRF ના નોર્મ્સ મુજબ વાવેતર વિસ્તારની મર્યાદામાં મળવાપાત્ર રૂ.૨૨,૫૦૦/- ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ રૂ.૫,૦૦૦/- એમ કુલ રૂ.૨૭,૫૦૦/- પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેકટરની મર્યાદામાં સહાય.

ડ) આ ઉપરાંત, વાવ-થરાદ અને પાટણ જિલ્લામાં ભારે વરસાદને કારણે હજુ સુધી પાણી ભરાયેલ હોય તેવા વિસ્તારોના અસરગ્રસ્ત ખેડૂતોને વધુ આર્થિક સહાય મળી રહે તે માટે રાજ્ય સરકારશ્રી તરફથી ઉદાર અભિગમ અપનાવીને આ વિસ્તારના અસરગ્રસ્ત ખેડૂતોને જમીન સુધારણાની કામગીરી માટે રાજ્ય બજેટ માંથી ખાસ કિસ્સામાં ઉદાર હાથે રૂ.૨૦,૦૦૦/- પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨(બે) હેકટરની મર્યાદામાં સહાય ચૂકવાશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

### WHOની મર્યાદાથી સાત ગણું ખરાબ પ્રદૂષણ

# દિવાળી તહેવારે અમદાવાદ શહેરની હવા પણ ઝેરી બની

## વટવા GIDCમાં પ્રદૂષણનું સ્તર સૌથી વધુ ૩૨૦ માસ્ક પહેરી બહાર નીકળવું પડે તેવી પરિસ્થિતિ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

પીક અવર્સમાં ધૂળ અને ધૂમાડામાં મોટા ભાગના નિયમિત અવર-જવર કરનારા અમદાવાદીઓ દરેક ચાર રસ્તે હેલમેટ સાથે માસ્ક અચૂક પહેરે છે. કારણ ધૂળ અને ધૂમાડાના કારણે વધી રહેલા પ્રદૂષણનું જોખમી સ્તર છે. હાલમાં ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અમદાવાદનું AQI ૧૦૪, હવામાં તરતા પ્રદૂષણના રજકણો પાર્ટીક્યૂલેટ મેટર PM૨.૫નું સ્તર ૩૬.૮ છે. ઓક્ટોબર ૨૦૨૫માં શહેરનું એર ક્વૉલિટી ઈન્ડેક્સ (AQI) ૧૯૫ સુધી પહોંચી ગયું છે, જે બિનઆરોગ્યપદ શ્રેણીમાં છે. વટવા GIDCમાં પ્રદૂષણનું સ્તર સૌથી વધુ ૩૨૦ માસ્ક પહેરી બહાર નીકળવું પડે તેવી સ્થિતિ છે. આ સ્તર વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) દ્વારા નક્કી કરેલી મર્યાદાથી સાત ગણું વધારે છે. ૨૦૨૨માં આ મહિનાનું સર્વોચ્ચ AQI ૧૭૪ હતું, પણ ૨૦૨૫માં તે વધુ ખરાબ થયું. ઔદ્યોગિક ધુમાડો, વાહનો અને હવામાનને કારણે આ સમસ્યા વધી છે. લોકોના આરોગ્ય પર અને રોજિંદા જીવન પર તેની અસર પડી રહી છે. બે દિવસ પહેલાં ૧૭ ઓક્ટોબરે તે ૧૨૬ હતું. અમદાવાદના મુખ્ય વિસ્તારોમાં અલગ-અલગ પરિસ્થિતિ જોવા મળી રહી છે. જેમ કે, એસ.જી.હાઈવેના કર્ણાવતી કલબની આસપાસનો વિસ્તાર સૌથી વધુ પ્રદૂષણ ધરાવતા વિસ્તારોમાંનો એક છે. તો બીજી તરફ શહેરના ઔદ્યોગિક વિસ્તારોમાં વટવા જીઆઈડીસીમાં એર ક્વૉલિટી ૩૨૦ સુધી પહોંચી છે. કોવિડ પછીના સમયગાળામાં શાળાએ જતાં બાળકો, નોકરીયાતો અને ટુ વ્હીલ લઈને જઈ રહેલા યુવાનો હવે માસ્ક બાંધ્યા વિના નીકળી શકતા નથી. એક તરફ વાહનોનો ધરખમ વધારો થઈ રહ્યો છે ત્યારે બીજી તરફ અમદાવાદની હવામાં દિનપ્રતિદિન પ્રદૂષણ વધી રહ્યું છે. ૨૦૨૦થી ૨૦૨૫ સુધીના ડેટા દર્શાવે છે કે, ૨૦૨૨માં ઓક્ટોબરમાં ૧૭૪ AQI હતું, જે એક વર્ષ પછી ૨૦૨૫માં ૧૯૫ થઈ ગયું. ૨૦૨૫માં ગુજરાતમાં ૫૩ દિવસ 'ખરાબ સ્તરની' હવા હતી. ૨૦૨૪માં ૭ મહિના 'ખરાબસ્તર'ની હવા રહી. કોવિડના સમયમાં લોકડાઉનને કારણે હવા સુધરી હતી તે હવે ફરી ધીમે ધીમે ભયજનક સ્તરે પહોંચી રહી છે. વટવા-પિરાણા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં ૧૦ લાખ જેટલાં વાહનોની અવરજવર, ધૂળભર્યા રસ્તા, બાંધકામ અને ઘટી રહેલી લિલોતરીને કારણે પરિસ્થિતિ હજુ બગડશે તેવી શક્યતાઓ છે.

અમદાવાદની હવામાં PM 2.5, PM 10, NO2 અને SO2 મુખ્ય પ્રદૂષકો છે. ધૂળ સાથે પેટ્રોલ, ડિઝલનો ધૂમાડો ભળે છે ત્યારે જોખમી અસ્થમા અને શ્વાસની બીમારીવાળા દર્દીઓ હાલત વધુ ખરાબ થાય છે.

### ૪૬.૬૪ લાખ જમા કરાવી ૧૫.૬૯ લાખ પરત કર્યા

# સુરેન્દ્રનગરની મહિલા સાથે શેરબજારમાં ડબલની લાલચ આપી ૩૧ લાખની છેતરપિંડી

## અંકલેશ્વર, કરજણ અને વડતાલના ૩ શખ્સોએ અલગ અલગ બેંક ખાતામાં મહિલા પાસે રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં રહેતી મહિલાને શેર બજારમાં રોકાણ કરાવી બેંક ખાતાના રૂપિયા જમા કરાવી પરત નહીં આપી રૂ.૩૦.૯૫ લાખની છેતરપિંડી અંગે ભોગ બનનારી મહિલાએ ત્રણ શખ્સો સામે બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. શહેરના કુંભારપરા વિસ્તારમાં રહેતા ફરિયાદી ભારતીબેન દીપકભાઈ પરમારને વડતાલ રહેતા મહેશભાઈ રબારીએ અંકલેશ્વર અને કરજણ તાલુકામાં રહેતા બે વ્યક્તિ સાથે સંપર્ક કરાવ્યો હતો. ફરિયાદીને શેર બજારમાં રોકાણ કરશે તો વધુ રકમ અથવા સારું રિટર્ન તેમજ ટૂંકા સમયમાં ડબલ ગણા રૂપિયા મળશે તેવી લાલચ આપી હતી. બાદમાં ફરિયાદી પાસે અલગ અલગ બેંક ખાતામાં રૂ.૪૬.૬૪ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા જે પૈકી રૂ.૧૫.૬૯ લાખ પરત આપી દીધા હતા. જ્યારે બાકીની રકમ અવાર નવાર ઉઘરાણી કરવા છતાં ચૂકવવામાં નહીં આવતા ભોગ બનનારી ફરિયાદીએ ત્રણ શખ્સો (૧) જયદીપ ઉર્ફે કાંતિલાલ પાઠક ઉર્ફે ગુરુજી રાજેન્દ્રપ્રસાદ પંડયા, રહે. અંકલેશ્વર (૨) હંસરાજભાઈ, રહે. નાની સાયર, તા.કરજણ અને (૩) મહેશભાઈ રબારી, રહે.વડતાલવાળા સામે રૂ.૩૦.૯૫ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. ત્યારે બી-ડિવિઝન પોલીસે ત્રણ શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### આરોપીએ અત્યંત વિચિત્ર ગુનાને અંજામ આપ્યો હતો

# હત્યાના ગુનામાં આજીવન કેદ ભોગવતાં કેદીની અપીલ હાઈકોર્ટે ફગાવી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

હત્યાના ગુનામાં આજીવન કેદની સજા ભોગવતા એક કેદીની અપીલ હાઈકોર્ટે ફગાવી દીધી છે. આ આરોપીએ ૧૫ વર્ષ જેલમાં કાપ્યા બાદ સજા માફી માટે સરકાર સમક્ષ પણ અરજી કરી હતી, જે પણ રદ થઈ ગઈ હતી.

આરોપીએ અત્યંત વિચિત્ર ગુનાને અંજામ આપ્યો હતો અને પોતાના જેવો બાંધો ધરાવતી એક વ્યક્તિની હત્યા કરી એને પોતાના મૃત્યુમાં ખપાવાનું કાવતરું કર્યુ હતું. રાજકોટ કોર્ટે વર્ષ ૨૦૧૦માં ચુકાદો આપતા આરોપી વિમલ રામાણી અને તેની પ્રેમિકાને હત્યાના કેસમાં આજીવન કેદની સજા ફટકારી હતી. જેના માટે કોર્ટે ૫૮ સાહેદો અને પુરાવાઓ તપાસ્યા હતા. જેમાં વિમલ રામાણીએ જેલમાં ૧૫ વર્ષ કાપતા બાકીની સજા માફ કરવા રાજ્ય સરકારને અરજી કરી હતી. જોકે, રાજ્ય સરકારે તેની અરજી રદ કરી હતી.

સરકારના નિર્ણયને તેણે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે પણ સરકારના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, આરોપી વિમલના ભાઈએ જ પોલીસ ફરિયાદ આપી હતી. જે મુજબ ફરિયાદી અને વિમલ પોતાની ઈમિટેશન જ્વેલરીની ફેક્ટરીથી ઘરે આવવા નીકળ્યો ત્યારે તેને એક ધાર્મિક કામથી ફેક્ટરીમાં જવાનું છે તેમ કહીને તે ફેક્ટરીમાં પરત ફર્યો હતો, પરંતુ ઘણા સમય સુધી ભાઈ પાછો ન આવતા ફરિયાદી ભાઈ ફેક્ટરીએ ગયો હતો. જે ખોલતા ત્યાં ધુમાડો હતો અને એક વ્યક્તિને ગળું વાયરથી દાબેલું હતું, તેમજ તેની બળેલી લાશ પડી હતી. જે સંદર્ભે ફરિયાદીએ તેના ભાઈ વિમલની હત્યા થઈ હોવાની પોલીસ ફરિયાદ આપી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતુ કે, આ સંપૂર્ણ ઘટના લગ્નેતર પ્રેમ સંબંધનું પરિણામ હતી. જેમાં તપાસમાં બહાર આવ્યું હતું કે, મૃતક વ્યક્તિ વિમલ રામાણી નહીં, પરંતુ એક બાબુ સલાટ નામના વ્યક્તિની હતી. જેના ખોવાયાની ફરિયાદ તેના પરિવારે આપી હતી.

વિમલ અને એક મહિલા બંનેના લગ્ન થઈ ગયા હોવા છતાં તેમના લગ્નેતર સંબંધો હતા, પરંતુ તેમને કોઈ ઓળખી શકે નહીં અને દુનિયાથી અલગ થઈને રહેવા માટે તેમને એક પ્લાન કર્યો હતો. જે મુજબ વિમલ જેવા જ શરીરનો બાંધો ધરાવતા વ્યક્તિને શોધીને તેની હત્યા કરીને તેનું મોઢું વિક્ષિપ્ત કરી નાખવાનું હતું. જેથી લોકોને લાગે કે વિમલ મૃત્યુ પામ્યો છે. આમ, તે અને તેની પ્રેમિકા અલગ શહેરમાં એક નવી જિંદગીની શરૂઆત કરી શકે.

### ગત વર્ષે બોર્ડ દ્વારા વેકેશનની શરૂઆત પહેલા ફોર્મ ભરવાના શરૂ કર્યાં હતા

# ધો.૧૦, ૧૨ની પરીક્ષા વહેલી છતાં હજુ કાર્યક્રમ જાહેર કરાયો નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા ગત વર્ષની જેમ આ વખતે પણ ફેબ્રુઆરી માસમાં જ શરૂ કરવામાં આવનાર છે. પરંતુ બોર્ડ દ્વારા અન્ય કામગીરી જેમાં પરીક્ષાનો કાર્યક્રમ તથા ફોર્મ ભરવા માટેની કાર્યવાહીમાં વિલંબ થઈ રહ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. ગત વર્ષ કરતા આ વખતે એક દિવસ વહેલા પરીક્ષા શરૂ કરવામાં આવનાર છે, પરંતુ હજુ સુધી બોર્ડ દ્વારા પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો નથી. ઉપરાંત ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરવામાં આવી નથી. ગત વર્ષે બોર્ડે દિવાળી વેકેશન પહેલા જ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દીધો હતો અને ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી હતી. જેથી હવે દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ જ ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થાય તેમ લાગી રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અત્યાર સુધી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માર્ચ માસમાં લેવાતી હતી. પરંતુ બોર્ડની ગત પરીક્ષા માર્ચના બદલે ફેબ્રુઆરીમાં શરૂ કરવામાં આવી હતી. જેને જાળવી રાખતા બોર્ડ દ્વારા આગામી પરીક્ષા પણ ફેબ્રુઆરી માસમાં જ લેવાનું આયોજન કરાયું છે. શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષની શરૂઆતમાં જાહેર કરવામાં આવેલા એકેડમિક કેલેન્ડર અનુસાર, શિક્ષણ બોર્ડની આગામી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવશે અને ૧૬ માર્ચના રોજ આ પરીક્ષા પૂર્ણ થશે. જ્યારે છેલ્લી પરીક્ષા બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવી હતી. આમ, આગામી પરીક્ષા એક દિવસ વહેલા લેવામાં આવશે. આમ, આ વખતે પણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી માસમાં જ પરીક્ષા લેવામાં આવનાર હોવા છતાં કામગીરીમાં ઢીલાશ દાખવવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે. બોર્ડ દ્વારા હજુ સુધી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષાનો કાર્યક્રમ પણ જાહેર કર્યો ન હોવાનું જાણવા મળે છે. છેલ્લી પરીક્ષા માટે બોર્ડ દ્વારા ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દીધો હતો. આ ઉપરાંત બોર્ડ દ્વારા ગતવર્ષે દિવાળી વેકેશન શરૂ થાય તે પહેલા જ ધોરણ-૧૦ અને ૧૨ના ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી દેવામાં આવી હતી. ગત વર્ષે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૨ ઓક્ટોબર તેમજ ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ફોર્મ ભરવાની કાર્યવાહી ૨૪ ઓક્ટોબરથી શરૂ કરવામાં આવી હતી. જ્યારે સ્કૂલોમાં ૨૮ ઓક્ટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થયો હતો. આમ, ગત વર્ષે બોર્ડ દ્વારા વેકેશનની શરૂઆત પહેલા જ ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી દીધી હતી. જોકે, ચાલુ વર્ષે રાજયની સ્કૂલોમાં ૧૬ ઓક્ટોબરથી દિવાળી વેકેશનનો પ્રારંભ થઈ ચુક્યો છે ત્યારે બોર્ડે હજુ સુધી પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કર્યો નથી અને બોર્ડની પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી પણ શરૂ કરી ન હોવાનું જાણવા મળે છે. આમ, આ તમામ પરિબળો જોતા હવે રાજ્યમાં ૨૧ દિવસનું દિવાળી વેકેશન પૂર્ણ થયા બાદ જ બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે તેમ લાગી રહ્યું છે. જોકે, હાલમાં સ્કૂલો દ્વારા ગમે ત્યારે ફોર્મ ભરવાની કાર્યવાહી શરૂ થઈ શકે તેમ હોવાથી વિદ્યાર્થીઓ પાસેથી ફોર્મ ભરવા માટેની જરૂરી વિગતો એકત્ર કરી લીધી હોવાનું જાણવા મળે છે.

# સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરી ફટાકડાં વેચતો શખ્સ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરની કલેક્ટર કચેરી પાસે રસ્તામાં લાઈસન્સ વગર સ્ફોટક પદાર્થનો ઉપયોગ કરી ફટાકડાંનું વેચાણ કરતા શખ્સને એ-ડિવિઝન પોલીસે ઝડપી પાડયો હતો. ૧૫ કિલો સ્ફોટક પદાર્થ સહિત રૂા. ૨૯ હજારનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરાઈ હતી.શહેરના એ-ડિવિઝન પોલીસે શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું. દરમ્યાન જિલ્લા કલેક્ટર કચેરી પાસે રસ્તા પર એક શખ્સ જાહેરમાં ગેરકાયદે સ્ફોટક પદાર્થ રાખી તેનું વેચાણ કરતો હતો. જ્યાં તપાસ કરતા સ્થળ પરથી કોઈપણ જાતના લાયન્સ વગર ગેરકાયદે સ્ફોટક પદાર્થનું વેચાણ કરતા રાજેન્દ્ર છગન મોહિતે રહે. ધ્રાંગધ્રાવાળાને ગેરકાયદે કેલ્શિયમ કાર્બાઈડ અથવા સલ્ફર જેવા ઘન પદાર્થની કોથળીઓ વજન ૧૫ કિલો કિંમત રૂ.૩૦૦, પીવીસી પાઈપ તથા ગેસ લાઈટર ફિટ કરેલ એરગન નંગ ૧૮૮ કિંમત રૂ.૨૮,૨૦૦ સહિત કુલ રૂ.૨૮,૫૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

### તેઓ દસાડા તાલુકાના સેડલા ગામે એક લગ્નમાં આવ્યા હતા

# મુળ વિરમગામના યુવકને રૂ.૧૦ લાખમાં ૧૦ કિલો ચાંદી લેવું ભારે પડયું

(સંપૂર્ણ સમાચાર સેવા)વિરમગામ

દસાડા તાલુકાના સેડલા ગામે મુળ વિરમગામના અને હાલ હિંમતનગર રહેતો યુવક સસ્તામાં ચાંદી લેવા પહોંચ્યો હતો. જેમાં મહિલા સહિત ૩ આરોપીઓ રૂપિયા ૯.૯૫ લાખનો ચુનો લગાવી ફરાર થઈ ગયાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

મુળ વિરમગામના રૈયાપુર પટેલના ડેલામાં રહેતા ઈમરાનભાઈ રસુલભાઈ મેમણ હાલ સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની નુરાની રેસીડેન્સીમાં રહે છે. તેઓ ૫ વર્ષ પહેલા સાણંદની કંપનીમાં નોકરી કરતા હતા. ત્યારે તેઓ દસાડા તાલુકાના સેડલા ગામે એક લગ્નમાં આવ્યા હતા. જેમાં તેમની મુલાકાત સેડલાના શાહરૂખ નામના વ્યકિત સાથે થઈ હતી. બાદમાં બન્ને અવારનવાર મળતા હતા. ઈમરાનભાઈ પર દેવુ થઈ ગયુ હોય તેઓ શાહરૂખને કોઈ કામ હોય તો બતાવજે તેમ કહેતા હતા. તા. ૧૨-૧૦ના રોજ શાહરૂખે ફોન કરી ઈમરાનભાઈને ૧૦ કિલો ચાંદી પડી છે, સસ્તામાં આવે છે, કોઈને લેવી હોય તો કેજે તેમ વાત કરી હતી. આથી તા. ૧૩-૧૦ના રોજ ઈમરાનભાઈ, તેમના મિત્રો સંજય ગાંધી અને ઈલીયાસભાઈ ઉર્ફે મુનાભાઈ કાર લઈને સેડલા આવ્યા હતા. અને શાહરૂખ એક બેનના ઘરે લઈ ગયો હતો. જેમાં બેનનું નામ બીલુબેન અને ભાઈનું નામ ફીરોઝભાઈ હતુ. અને બીલુબેને ચાંદીની પાયલ, કડુ, માળા બતાવી હતી અને ૧ કિલોના ૧ લાખ કહ્યા હતા.

બાદમાં તા. ૧૬-૧૦ના રોજ ફરી ત્રણેય મિત્રો રૂપીયા રાત્રે રૂ. ૧૦ લાખને સેડલા ગયા હતા. અને ૧૦ લાખ બીલુબેનને આપતા તેઓએ રૂ. ૫ હજાર પરત આપ્યા હતા. જેમાં બીલુબેન બેડ પર પૈસાની થેલી મુકી ચાંદી લઈને આવુ છુ તેમ કહીને ગયા હતા. જયારે થોડીવાર પછી ફીરોઝ ચાંદી આવે ત્યાં સુધી હું પૈસા મુકીને આવુ તેમ કહી ગયો હતો. આ દરમીયાન કોઈએ દરવાજો ખખડાવતા શાહરૂખ કોણ છે હું જોઈને આવુ તેમ કહી ગયો હતો.

આ સમયે એક મજુર ઘરે કામ કરતો હતો. જેણે એલસીબી આવી છે, ફટાફટ બહાર નીકળો તેમ કહેતા ઈમરાનભાઈએ પોલીસ આવી તો શું અમે કયાં કોઈ ગુનો કરેલ છે તેમ કહેતા મજુરે ઘર બંધ કરવાનું કહેતા ત્રણેય બહાર ગયા હતા. અને મજુર ઘર બંધ કરીને જતો રહ્યો હતો. બાદમાં તપાસ કરતા શાહરૂખ, બીલુબેન અને ફીરોઝ કયાંય મળી ન આવતા તેઓને છેતરાયાની જાણ થઈ હતી. આ અંગે ઈમરાનભાઈ મેમણે બજાણા પોલીસ મથકે રૂ. ૯.૯૫ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પીઆઈ એમ.બી.બામ્બા ચલાવી રહ્યા છે.

### મંદીની તીવ્રતાને કારણે અનેક કારખાનાઓ બંધ થવાની કગાર પર

# હીરા કારખાના બંધ થતા વેપારીઓ પણ ચિંતામાં મૂકાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

જૂનાગઢના હીરા ઉદ્યોગમાં છેલ્લા ત્રણ વર્ષથી ધીમે ધીમે પ્રસરી રહેલી મંદીની અસર આ વર્ષે વધુ ગંભીર બની છે. જૂનાગઢની હીરા ઉધોગની મંદીથી કારખાનેદારની હાલત વધુ કફોડી બની છે, રશિયા અને યુક્રેનના યુદ્ધ પછી અને અમેરિકાએ નાખેલા ટેરિફથી હીરા ઉધોગને આર્થિક કટોકટીનો સામનો કરવો પડી રહ્યો છે, મંદીની તીવ્રતાને કારણે અનેક કારખાનાઓ બંધ થવાની કગાર પર છે. અગાઉ હીરાના ૨૦૦ થી ૨૫૦ જેટલા કારખાના ચાલતા હતા, તેની સામે અત્યારે માત્ર ૧૭૦ થી ૧૯૦ કારખાના જ ચાલી રહ્યા છે," જે સ્પષ્ટપણે ઉદ્યોગની ખરાબ હાલત દર્શાવે છે. જો બજારમાં સીવીડી અને લેબ ગ્રોન હીરાનું પ્રમાણ ન હોત, તો મંદીની અસર કદાચ આનાથી પણ વધુ ગંભીર થઈ હોત. જી.એસ.ટી.ના કારણે કોઈ મોટો ફરક પડ્યો ન હોવાનું કારખાનેદારોએ સ્વીકાર્યું હતું, રત્ન કલાકારોને માત્ર આઠથી દસ હજાર જેવું મહિને રોજગાર મળે છે જેને લઈન કલાકારો પણ અન્ય સાથે ધંધા તરફ ફંટાઈ ગયા છે, વર્તમાન પરિસ્થિતિ નિરાશાજનક હોવા છતાં દિવાળીના તહેવારો પછી ઉદ્યોગમાં સુધારો થવાની આશા કારખાનેદારોએ વ્યકત કરી છે, દિવાળી પછી બજાર સારું ખૂલે અને બધાયને સારી રીતના રોજીરોટી મળી રહે તેવી આશા છે. અમેરિકાએ લાદેલા ૨૫ ટકા ટેરિફને સુરતના હીરા ઉદ્યોગોકારોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. સુરત ઉદ્યોગકારો કરી રહ્યા છેકે, ભારતમાંથી અમેરિકામાં ૪૦ ટકા હીરાનું એક્સપર્ટ થયા છે. જે એક્સપોર્ટ વર્ષમાં આશરે ૮ બિલિયન છે અને આખા ભારતમાં સુરતમાં ૧૦૦ માંથી ૯૫ હીરાનું મેન્યુફેક્ચરિંગ થાય છે જેથી સુરત હીરા ઉદ્યોગને ટેરિફના કારણે સીધી અસર થશે. હવે નવા ટેરેફના નિયમો મુજબ વેપાર કરવો પડશે. આગામી થોડા દિવસો આવી જ રીતે રહેવાના છે. તેમજ હીરાનો વેપાર આગામી એકાદ બે મહિનો અટકી અટકીને ચાલવાની પણ શક્યતાઓ છે. તેમ છતાં ટેરિફ વસૂલાત કરવામાં આવ્યા બાદ કેવા પ્રકારની પરિસ્થિતિ રહે તેના પર હાલ તો નજર રાખવામાં આવી રહી છે. સુરત ટેક્સટાઈલ માર્કેટમાં તેજીના માહોલ વચ્ચે અમેરિકાએ લાદેલા ટેરિફને કારણે સુરતના ટેકસટાઈલ ઉદ્યોગકારોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. દેશમાંથી ટેક્સ્ટાઈલમાં જે કુલ એક્સપોર્ટ થાય છે, તેના ૩૦ ટકા એક્સપોર્ટ અમેરિકામાં થતું હોય છે. ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં ટેરિફની ગંભીર અસરો દેખાશે તેવી ભીતિ હાલ જોવા મળી રહી છે. અમેરિકામાં એક્સપોર્ટ થનારા ગારમેન્ટ અને હોમ ટેક્સ્ટાઈલ બનાવવા માટે સુરતના કાપડની સૌથી વધુ ડિમાન્ડ હોય છે. જેથી ટેરિફની સીધી અસર સુરતના ટેક્સ્ટાઈલ ઉદ્યોગ પર જોવા મળશે. જેથી ટેકસટાઈલ ઉદ્યોગકારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.